RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 41* Date: 30.11.2022, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાનમોદીને રાવણ કહ્યાં

# ખડગેએ પોતાને અસ્પૃશ્ય અને વડાપ્રધાન મોદીને જુઠ્ઠાણાંના સરદાર જણાવ્યા હતા.

## આ માત્ર વડાપ્રધાનનું જ નહીં, ગુજરાત અને સમગ્ર દેશનું અપમાન : સંબિત પાત્રા

અમદાવાદ,તા.૨૯

ગુજરાતની ૮૯ બેઠકો પર મતદાન માટેનો ચૂંટણી પ્રચારનો અંત આવ્યો છે આથી સ્વાભાવિક છે કે, તમામ રાજકીય પક્ષોએ પોતાનું છેલ્લું અને સૌથી મહત્ત્વનું હથિયાર કાઢી નાખ્યું હતું જ્યારે વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા તો કોંગ્રેસે પણ તેમના પર સીધુ નિશાન સાધ્યું છે. જીહા, હવે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ એન્ટ્રી લીધી અને વડાપ્રધાનને જૂઠ્ઠાણાનો નેતા કહ્યા છે. આટલું જ નહીં મોતના સૌદાગર બાદ હવે તેમની તુલના રાવણ સાથે કરવામાં આવી છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન મોદીને લઈને વિવાદિત નિવેદન આપ્યું છે. તેમણે વડાપ્રધાન મોદીની સરખામણી રાવણ સાથે કરી છે. ખડગેએ પૂછ્યું કે દરેક ચૂંટણીમાં લોકો તમારા ચહેરા પર કેમ વોટ આપે? તેમણે પૂછ્યું કે લોકોએ તમારો ચહેરો કેટલી વાર જોવો જોઈએ. ખડગેએ આ નિવેદન એવા સમયે આપ્યું છે જ્યારે વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ નેતા મધુસૂદન મિસ્ત્રીના 'ઓકાત દિખા દેંગે' નિવેદનને ચૂંટણીનું હથિયાર બનાવ્યું છે.

કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે,



"ભાજપ કહે છે કે નગરપાલિકાની ચૂંટણીમાં પણ મોદીને મત આપોપ શું મોદી અહીં કામ કરવા આવશે. વડાપ્રધાન હંમેશા પોતાના વિશે જ બોલે છે. કોઈની તરફ ન જુઓ અને મોદીને જોઈને મત આપો. કેટલી વાર તમારો ચહેરો જોવો કોર્પોરેશનમાં પણ તમારો ચહેરો જોયો, ધારાસભ્યની ચૂંટણીમાં પણ તમારો ચહેરો જોયો, સાંસદની ચૂંટણીમાં પણ તમારો ચહેરો જોયો..બધે.. શું તમારી પાસે રાવણ જેવા ૧૦૦ ચહેરા છે?ખડગેએ સુરતની સભામાં જે પણ કહ્યું હતું એ અમે અહીં રજૂ કરી રહ્યા છીએ. ખડગેએ કહ્યું, ×તમારા જેવા માણસ, જે હંમેશાં દાવો કરે છે કે હું ગરીબ છું. અરે ભાઈ, અમે પણ ગરીબ છીએ. અમે ગરીબોમાં સૌથી ગરીબ છીએ. અમે તો અસ્પૃશ્યોની વચ્ચે આવીએ છીએ. ઓછામાં ઓછી તમારી ચા તો કોઈ પીવે છે, મારી ચા પણ કોઈ પીતું નથી. અને પછી તમે કહો છો - હું ગરીબ છું. કોઈએ મને અપશબ્દો કહ્યા, મારી તો શું તાકાત છે.

હવે આ નિવેદનને લઈને ભાજપના નેતા અને પ્રવકતા સંબિત પાત્રાએ પ્રેસ કોન્ફરન્સ કરીને કોંગ્રેસ પર જોરદાર નિશાન સાધ્યું છે. સંબિત પાત્રાએ કહ્યું કે, વડાપ્રધાન મોદીને રાવણ કહેવું એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ઘોર અપમાન છે. તેમણે ગુજરાતની જનતાને આ અપમાનનો બદલો લેવા કહ્યું છે. ગુજરાતની જનતાને અપીલ કરતા તેમણે કહ્યું કે, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ઁસ મોદી પર રાવણવાળા નિવેદન પર સંબિતે કહ્યું કે, ગુજરાતના પુત્ર માટે આવી ભાષાનો ઉપયોગ કરવો યોગ્ય નથી. આ નિંદનીય છે અને કોંગ્રેસની માનસિકતા દર્શાવે છે. તેમણે કહ્યું કે આ માત્ર વડાપ્રધાન મોદીનું અપમાન નથી. આ દરેક ગુજરાતીનું અપમાન છે, ગુજરાતનું અપમાન છે. વધુમાં તેમણે કહ્યું કે, સોનિયા ગાંધીએ એક સમયે ઁસ મોદીને મોતના સૌદાગર કહ્યા હતા અને આજે તેમના કહેવા પર તેમની પાર્ટીના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રાવણ કહ્યા છે. આ ખડગેના નહીં પણ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના શબ્દો છે.

બીજેપી આઈટી સેલના વડા અમિત માલવિયાએ મંગળવારે કહ્યું હતું કે ખડગે ગુજરાત વિધાનસભા ચૂંટણીનું દબાણ સહન કરી શકતા નથી.ઉલ્લેખનીય છે કે, ખડગેએ ઁસ મોદીને રાવણ કહેવા સામે સખત વાંધો વ્યક્ત કરતા ભાજપે આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસ અધ્યક્ષો સોનિયા ગાંધીના કહેવા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું અપમાન કર્યું છે અને ગુજરાતની જનતા કોંગ્રેસ પાસેથી બદલો લેશે. મહત્વનું છે કે, ગુજરાતમાં બે તબક્કામાં મતદાન થવાનું છે. ૧૮૨ બેઠકો ધરાવતા રાજ્યમાં ૧ ડિસેમ્બર અને ૫ ડિસેમ્બરે મતદાન થશે. જ્યારે પરિણામ ૮ ડિસેમ્બરે આવશે.

૨૭ વર્ષથી સત્તામાં રહેલી ભાજપ આ વખતે પણ ચૂંટણી જીતવા માટે પૂરા પ્રયાસ કરી રહી છે. તો બીજી તરફ કોંગ્રેસનો પ્રયાસ ભાજપને સત્તામાંથી બહારનો રસ્તો બતાવવાનો છે. દિલ્હી-પંજાબની સત્તાધારી પાર્ટી આમ આદમી પાર્ટી પણ ગુજરાતમાં સરકાર બનાવવાનો દાવો કરી રહી છે. ત્યારે આ ચૂંટણી કોણે બાજી મારી જાય છે અને કોના ભાગ્યમાં હાર આવે છે તે હવે જોવું રહ્યું.

# ભારતમાં આજે કોરોના વાયરસના ૨૧૫ નવા કેસ નોંધાયા, એપ્રિલ ૨૦૨૦ પછીનો સૌથી ઓછો આંકડો

નવીદિલ્હી,તા.૨૯

ભારતમાં એક જ દિવસમાં કોરોના વાયરસના ચેપના ૨૧૫ નવા કેસ નોંધાયા છે, જે એપ્રિલ ૨૦૨૦ પછીનો સૌથી ઓછો આંકડો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે કહ્યું કે ૨૧૫ નવા કેસના આગમન સાથે દેશમાં અત્યાર સુધીમાં સંક્રમિત લોકોની સંખ્યા વધીને ૪,૪૬,૭૨,૦૬૮ થઈ ગઈ છે જ્યારે સારવાર હેઠળના દર્દીઓની સંખ્યા ઘટીને ૪,૯૮૨ થઈ ગઈ છે. મંગળવારે સવારે આઠ વાગ્યે મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા અપડેટ ડેટા અનુસાર, દિલ્હીમાં એક ચેપગ્રસ્ત વ્યક્તિના મૃત્યુ પછી, મૃત્યુઆંક વધીને ૫,૩૦,૬૧૫ થઈ ગયો છે.

સ્વાસ્થ્ય મંત્રાલયની વેબસાઈટ પર ઉપલબ્ધ માહિતી અનુસાર, દેશમાં સારવાર હેઠળ દર્દીઓની સંખ્યા ચેપના કુલ કેસના ૦.૦૧ ટકા છે, જ્યારે કોવિડ-૧૯થી સાજા થનારા લોકોનો રાષ્ટ્રીય દર ૯૮.૮૦ ટકા છે. છેલ્લા ૨૪ કલાકમાં સારવાર હેઠળના દર્દીઓની સંખ્યામાં ૧૪૧ કેસનો ઘટાડો નોંધાયો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૪,૪૧,૩૬,૪૭૧ લોકો ચેપ મુક્ત થયા છે જ્યારે કોવિડ-૧૯ મૃત્યુ દર ૧.૧૯ ટકા છે. રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ, અત્યાર સુધીમાં કોવિડ-૧૯ વિરોધી રસીના ૨૧૯.૯૧ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે.

નોંધનીય છે કે ભારતમાં કોરોના વાયરસથી સંક્રમિતોની સંખ્યા ૭ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ ૨૦ લાખ, ૨૩ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ ૩૦ લાખ અને ૫ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ ૪૦ લાખને વટાવી ગઈ હતી. ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ચેપના કુલ કેસ વધીને ૫૦ લાખ, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૦ ના રોજ ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબર ૨૦૨૦ ના રોજ ૭૦ લાખ કેસ નોંધાયા હતા. ૨૯ ઓક્ટોબર ૨૦૨૦ ના રોજ ૮૦ લાખ અને ૨૦ નવેમ્બર ૨૦૨૦ ના રોજ ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ આ કેસ એક કરોડને વટાવી ગયા હતા. ગયા વર્ષે ૪ મેના રોજ દેશમાં સંક્રમિત લોકોની સંખ્યા ૨ કરોડને વટાવી ગઈ હતી અને ૨૩ જૂન, ૨૦૨૧ના રોજ ૩ કરોડને વટાવી ગઈ હતી. આ વર્ષે ૨૫ જાન્યુઆરીએ ચેપના કુલ કેસ ૪ કરોડને વટાવી ગયા હતા.

જો ગુજરાતની વાત કરીએ તો ગુજરાતમાં કોરોનાના કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. જેમાં ૨૭ નવેમ્બરના રોજ કોરોનાના નવા ૦૪ કેસ નોંધાયા છે, જ્યારે કોરોનાથી ૧૩ દર્દીઓ સાજા થતા એક્ટિવ કેસની સંખ્યા ૨૧૨ એ પહોંચી હતી. કોરોનાના રિકવરી રેટ ૯૯.૧૨ ટકા થયો હતો. નવા નોંધાયેલા કોરોનાના નવા કેસની વાત કરીએ તો અમદાવાદ ૦૩ અને સુરતમાં ૦૧ કેસ નોંધાયો હતો, જ્યારે રાજ્યના બાકી જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો ન હતો.

# કાયદા મંત્રી કિરણ રિજ્જુએ કોલેજિયમને લઈને કરેલ નિવેદન પર સુપ્રીમ કોર્ટ નારાજ

નવીદિલ્હી,તા.૨૯

કેન્દ્રીય કાયદા પ્રધાન કિરણ રિજ્જુ દ્વારા કોલેજિયમ સિસ્ટમને લઈને કરવામાં આવેલ નિવેદન સામે સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. ન્યાયાધીશોની નિમણૂકની કોલેજિયમ પ્રણાલી પર કેન્દ્રીય મંત્રી દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી પર સુપ્રીમ કોર્ટે કહ્યું કે આવું ના થવું જોઈએ. આ સાથે જ સુપ્રીમ કોર્ટે કાયદા મંત્રી દ્વારા ટીવી ચેનલ પર કોલેજિયમને લઈને કરેલી નિવેદનને સંપૂર્ણપણે ફગાવી દીધુ હતું. સાથોસાથ કેન્દ્ર સરકારને પુછ્યુ છે કે, કોલેજિયમ તરફથી મોકલવામાં આવેલા નામોને કેન્દ્ર સરકારે હજુ સુધી કેમ મંજૂરી નથી આપી ?

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સંજય કિશન કૌલ અને જસ્ટિસ એએસ ઓકાની બેન્ચે કહ્યું કે, કોલેજિયમ સિસ્ટમ પર કેન્દ્રીય પ્રધાન દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી ના થવી જોઈએ. સુપ્રીમ કોર્ટની નારાજગી પર પોતાની વાત રાખતા સોલિસિટર જનરલે કહ્યું કે ક્યારેક મીડિયામાં છપાયેલા સમાચાર ખોટા પણ હોઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં કાયદા મંત્રી કિરેન રિજ્જુએ કોલેજિયમ સિસ્ટમને એલિયન સાથે સરખાવી હતી.કોલેજિયમ દ્વારા મોકલવામાં આવેલા નામને લઈને સુપ્રીમ કોર્ટે સોમવારે કેન્દ્ર સરકારને ઠપકો આપ્યો હતો. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે એટર્ની જનરલને પૂછ્યું હતુ કે કોલેજિયમ તરફથી મોકલવામાં આવેલા નામોને કેન્દ્ર સરકારે હજુ સુધી કેમ મંજૂરી નથી આપી ?

જસ્ટિસ સંજય કિશન કૌલે કહ્યું કે એવું લાગે છે કે સરકાર એનજેએસીને બંધારણીય માન્યતા ન મળવાથી નાખુશ છે. પરંતુ જો સરકાર લાંબા સમય સુધી નામ મંજૂર ન કરે અને ફાઈલ હોલ્ડ પર રાખે તો આ કરી શકાતું નથી. આ કેસની હવે પછીની આગામી સુનાવણી ૮મી ડિસેમ્બરે હાથ ધરાશે.

જસ્ટિસ કૌલે કહ્યું કે સરકાર પોતાનો વાંધો દર્શાવ્યા વિના નામ પાછા ખેંચી શકે નહીં. મેં હાઈકોર્ટના નામ પર કોઈ ટિપ્પણી કરી નથી, કારણ કે ૪ મહિના વીતી ગયા નથી, પરંતુ આ નામ દોઢ વર્ષથી પેન્ડિંગ છે. તમે નિમણૂકની રીતથી નિરાશ થઈ રહ્યા છો, અમે નામ મંજૂર ના થવાની સમસ્યા જાણવા માટે જ નોટિસ આપી છે.જસ્ટિસ કૌલે એમ પણ કહ્યું કે એકવાર નામનું પુનરાવર્તન થઈ જાય તો તેને આ રીતે નામ આપવાનો શો અર્થ છે. આનો અર્થ એ છે કે તમે વરિષ્ઠતાને સંપૂર્ણપણે અવગણો છો, કોલેજિયમ આ બધું ધ્યાનમાં લે છે. આ ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિ હોય છે.સુપ્રીમ કોર્ટે કહ્યું કે સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે, તેનું પાલન કરવું પડશે. આવા ઘણા કેસ પેન્ડિંગ છે. સારા લોકોએ બેન્ચમાં હાજરી આપવી જોઈએ અને અપવાદ ન હોય તો સમયમર્યાદાનું પાલન કરવું જોઈએ. એટર્ની જનરલે કહ્યું કે હું તમને બતાવી શકું છું કે આ પ્રક્રિયાની વિશ્વસનીયતા કેવી રીતે વધારવી. તેના પર સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો એટર્ની જનરલ કહે છે કે તેની તપાસ કરવામાં આવી રહી છે તો તે એકદમ યોગ્ય છે. સોલિસિટર જનરલ અને એટર્ની જનરલ બંનેએ અહીં કામ કરવું જોઈએ તમારે ચિંતા સમજવી જોઈએ. એકવાર સમય મર્યાદા નક્કી થઈ જાય પછી તેનું પાલન કરવું જોઈએ.તમને જણાવી દઈએ કે કાયદા મંત્રીએ કહ્યું હતું કે અદાલતો અથવા કેટલાક ન્યાયાધીશોના નિર્ણયને કારણે બંધારણ માટે કંઈપણ પરાયું હોઈ શકે છે. આવી સ્થિતિમાં, તમે કેવી રીતે આશા રાખી શકો કે દેશ તે નિર્ણયને સમર્થન આપશે.

### નાઓર ગિલોને

# ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયાના જ્યૂરી હેડના નિવેદનને તેમનો અંગત અભિપ્રાય ગણાવ્યો

નવીદિલ્હી,તા.૨૯

ધ કાશ્મીર ફાઈલ્સ ફિલ્મ પર IFFI જ્યૂરી હેડ અને ઈઝરાયેલના ફિલ્મ મેકર નદવ લેપિડના નિવેદન પર વિવાદ થઈ ગયો છે. આ મામલે ભારતમાં ઈઝરાયેલના રાજદૂત નાઓર ગિલોને પ્રતિક્રિયા આપી છે. નાઓર ગિલોને ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયાના જ્યૂરી હેડ નદવ લેપિડના નિવેદનને તેમનો અંગત અભિપ્રાય ગણાવ્યો છે. તેમણે કહ્યું કે નદવ લેપિડના નિવેદન પર અમને શરમ આવે છે.

ભારતમાં ઈઝરાયેલના રાજદૂત નાઓર ગિલોને કાશ્મીરી ફાઈલ્સની ટીકા કરવા બદલ IFFI ના જ્યૂરી હેડ નદવ લેપિડને એક ઓપન લેટર લખ્યો છે. તેમણે કહ્યું કે આ ભારતીયોને સમજમાં આવે એટલે હું તેને હિબ્રુ ભાષામાં લખી રહ્યો નથી. તેમણે નદવ લેપિડને ફટકાર લગાવતા કહ્યું કે તમને શરમ આવવી જોઈએ. ભારતીય સંસ્કૃતિમાં મહેમાનને ભગવાન ગણે છે. તમે IFFI Goa માં જજોની પેનલની અધ્યક્ષતા કરવા માટે ભારતીય નિમંત્રણની સાથે સાથે તેમના ભરોસા, સન્માન અને ઉષ્માભર્યા સ્વાગતનું પણ મજાક બનાવી દીધુ. તેમણે આગળ લખ્યું છે કે આપણા ભારતીય મિત્રો 'ફૌદા' સિરીઝના કલાકારોને અહીં બોલાવ્યા અને તેમને ભારતમાં ખુબ પ્રેમ મળ્યો. તમારે તમારા વર્તન બદલ આત્મમંથન કરવાની જરૂર છે. મે મંચ પરથી પણ કહ્યું હતું કે આપણા બંને દેશોમાં અનેક સમાનતાઓ છે કારણ કે આપણે એક સમાન દુશ્મનો સામે લડી રહ્યા છીએ અને જે આપણા ખરાબ પાડોશી જ છે.

ઈઝરાયેલી રાજદૂતે વધુમાં લખ્યું કે મે કહ્યું કે આપણે ભારતને લઈને વિનમ્ર હોવું જોઈએ જ્યાંનું ફિલ્મ કલ્ચર શાનદાર છે અને તેઓ ઈઝરાયેલી કન્ટેન્ટ (ફૌદા અને આવી અનેક ફિલ્મો) પણ પસંદ કરે છે. રાજદૂતે વધુમાં કહ્યું કે હું કોઈ ફિલ્મ એક્સપર્ટ નથી પરંતુ એટલું જાણું છું કે ઐતિહાસિક ઘટનાઓ વિશે સારી રીતે વાંચ્યા સમજ્યા વગર અસંવેદનશીલ રીતે બોલવું જોઈએ નહીં. આ ઘટના ભારત માટે ખુલ્લો ઘા છે કારણ કે આજે પણ અનેક લોકો તેની કિંમત ચૂકવી રહ્યા છે. હોલોકાસ્ટ સર્વાઈવરનો પુત્ર હોવાના નાતે તમારા નિવેદન પર ભારતીયોની પ્રતિક્રિયા જોઈને મને ઊંડો આઘાત લાગ્યો છે. હું આવા નિવેદનની ટીકા કરું છું.

રાજદૂતે જ્યૂરી હેડને શિખામણ આપતા કહ્યું કે તમે પહેલા જે રીતે ખુલીને બોલતા હતા આગળ પણ એ રીતે બોલો. પરંતુ મારી તમને સલાહ છે કે આ બધુ ઈઝરાયેલમાં કરો, તમારી કુંઠા બીજા દેશો પર ન કાઢો. એક અન્ય ટ્વીટમાં તેમણે લખ્યું કે તમે ઈઝરાયેલ પાછા ફરીને વિચારજો કે તમે શું કહ્યું છે. અમે ઈઝરાયેલના પ્રતિનિધિ તરીકે અહીં રહીશું. ગિલને છેલ્લે લખ્યું છે કે ભારત અને ઈઝરાયેલના લોકોની મિત્રતા ખુબ મજબૂત છે અને તમે તેને જે રીતે નુકસાન પહોંચાડ્યું છે તેની કોઈ અસર થશે નહીં. એક વ્યક્તિ તરીકે મને શરમ આવે છે અને આપણા મેજબાન પાસે હું માફી માંગવા ઈચ્છુ છું. ઈઝરાયેલના રાજદૂતનું ભારતીયોએ ખુલ્લા મને સ્વાગત કર્યું છે.

# શ્રદ્ધા હત્યા કેસ, આફતાબનો ૧ ડિસેમ્બરે થશે નાર્કો ટેસ્ટ, કોર્ટે મંજુરી આપી

મુંબઈ,તા.૨૯

શ્રદ્ધા હત્યા કેસના આરોપી આફતાબને મંગળવારે ફરીથી રોહિણી એફએસએલમાં પોલીગ્રાફ ટેસ્ટ માટે લાવવામાં આવ્યો હતો. અહીં સોમવારે થયેલા હુમલા બાદ મ્જીહ્લને લેબની બહાર તૈનાત કરવામાં આવી છે. હુમલાના બે આરોપીઓને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં જેલમાં મોકલી દેવામાં આવ્યા છે.જેલ સત્તાધીશોએ આફતાબને એફએસએલમાં લઈ જવાનો રોડમેપ પણ તૈયાર કર્યો છે. તિહારમાં આફતાબની સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે.

દિલ્હી પોલીસ ૧ ડિસેમ્બરે આફતાબનો નાર્કો ટેસ્ટ કરશે. દિલ્હી પોલીસે ૧ ડિસેમ્બરે નાર્કો ટેસ્ટ કરાવવા માટે કોર્ટમાં અરજી આપી છે. અગાઉ ૫ ડિસેમ્બરે નાર્કો ટેસ્ટ કરાવવાની તારીખ નક્કી કરવામાં આવી હતી. દિલ્હી પોલીસે આફતાબનો પોલીગ્રાફી ટેસ્ટ પણ કરાવ્યો છે.

દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, શ્રદ્ધાના ગુમ થયાની ફરિયાદ મુંબઈમાં નોંધાવવામાં આવી હતી. આ પછી મુંબઈ પોલીસે આફતાબને પૂછપરછમાં જોડાવા માટે બોલાવ્યો હતો. તે દરમિયાન તેના ફ્રીજમાં શ્રદ્ધાના મૃત શરીરના ટુકડા હતા. અત્યાર સુધીમાં ૧૩ હાડકાં મળી આવ્યા છે. જે મહેરૌલી જંગલની આસપાસના વિસ્તારમાંથી પણ મળી આવ્યા હતા.

આફતાબનો પોલીગ્રાફ ટેસ્ટ સવારે ૧૧ વાગ્યે શરૂ થઈ ગયો હતો. સોમવારે લગભગ ૮ કલાક સુધી તેની પૂછપરછ કરવામાં આવી હતી. દિલ્હી પોલીસે શ્રદ્ધાને નોકરી અપાવનાર જીમેશ નામ્બિયારનું નિવેદન નોંધ્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર, શ્રદ્ધા આફતાબના વલણ અને મારપીટથી કંટાળી ગઈ હતી. શ્રદ્ધા આફતાબથી અલગ થવાનો નિર્ણય લીધો હતો. તે આફતાબ સાથે બ્રેકઅપ કરવા માંગતી હતી. ૩-૪ મેના રોજ શ્રદ્ધાએ પણ અલગ થવાનો નિર્ણય લીધો હતો. પરંતુ આફતાબને આ પસંદ ન આવ્યું અને તેણે શ્રદ્ધાને મારી નાખી.

### ભારે વરસાદ બાદ

## ઈરોડમાં પૂરનું એલર્ટ, ગુંડરીપલ્લમ ડેમમાંથી ૧,૪૯૨ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું

ચેન્નાઈ,તા.૨૯

તમિલનાડુમાં સતત બે દિવસથી ભારે વરસાદ અને, ગુંડરીપલ્લમ ડેમમાંથી પાણી છોડવામાં આવ્યા બાદ ઈરોડ જિલ્લામાં પૂરની ચેતવણી આપવામાં આવી છે. સોમવારે ડેમમાંથી ૧,૪૯૨ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. આ જોતા જળ સંસાધન વિભાગે ગ્રામજનોને નદી અને નાળાના કિનારાથી દૂર રહેવા જણાવ્યું છે. જળ સંસાધન વિભાગના જણાવ્યા અનુસાર ડેમમાંથી પાણી છોડાયા બાદ આ જળાશયોમાં પાણીનું સ્તર વધવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, જિલ્લામાં ૩૫૮.૧૨ મીમી વરસાદ નોંધાયો છે કારણ કે સત્યમંગલમ, ગોબીચેટ્ટીપલયમ, , ગુંડરીપલ્લમ, ઈરોડ જિલ્લાના અમ્માપેટમાં ભારે વરસાદ થયો છે, જેના કારણે નદીઓમાં પાણીનું સ્તર વધ્યું છે. આ ઉપરાંત ગોબીચેટ્ટીપલયમમાં ડાંગરના ખેતરોમાં પાણી ઘૂસી ગયા છે, જેના કારણે ડાંગર ખેડૂતોને ભારે નુકસાન થયું છે. જો કે ઘણી જગ્યાએ પાણીનું સ્તર વધ્યું છે, પરંતુ પૂરના કોઈ અહેવાલ નથી અને મકાનો અથવા ઈમારતોને કોઈ નુકસાન થયું નથી.

જો કે, ડાંગરના પાકને નુકસાન થવાથી ખેડૂતોને ભારે નુકસાન થયું છે અને જિલ્લા વહીવટીતંત્રો કૃષિ વિભાગને પરિસ્થિતિનો તાગ મેળવવા માટે નિર્દેશ આપ્યો છે. કૃષિ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે કાલીપટ્ટીમાં ખેતીની જમીનમાં પાણીના પ્રવાહની જાણ કરવામાં આવી છે અને આગળની કાર્યવાહી કરવામાં આવશે અને નુકસાનની ચકાસણી કર્યા પછી યોગ્ય નુકસાનનું મૂલ્યાંકન કરવામાં આવશે.

## તંત્રી સ્થાનેથી...

# લોકતંત્રના લાભ

દેશના નાગરિકોએ તાજેતરમાં બંધારણ દિવસના પ્રસંગે એ તમામ મહાન વિભૂતિઓને યાદ કર્યા જેમણે ભારતના બંધારણનું નિર્માણ કર્યું. ભારતના બંધારણની વિશેષતા એ છે કે તેનું વિચાર-દર્શન ચિરસ્થાયી છે, પરંતુ માળખું અને અનુચ્છેદ લચીલા છે. ભારતીય બંધારણને અનેક વખત સંશોધિત કરવામાં આવ્યું છે, જેનાથી એ પરિલિક્ષત થાય છે કે આપણ કેટલી સક્રિયતાથી એ સુનિશ્ચિત કરીએ છીએ કે ઝડપથી રૂપાંતરિત થતા આ દેશમાં તેની પ્રાસંગિકતા ઓછી ન થાય. બંધારણ નિર્માતાઓએ અનુભવ કર્યો હતો કે તે ભલે ગમે તેટલું સારું લખાયું હોય, પરંતુ અમલમાં લાવ્યા અને મૂલ્યોનું અનુકરણ કર્યા વિના તેનો કોઈ અર્થ નથી. તેથી આપણે ભાવિ પેઢીઓ પર વિશ્વાસ રાખ્યો છે. બંધારણ લોકોને એટલું જ સશક્ત બનાવે છે, જેટલું લોકો બંધારણને સશક્ત બનાવે છે. જ્યારે વ્યક્તિ અને સંસ્થાઓ પૂછે છે કે બંધારણે તેના માટે શું કર્યું અને તેની ક્ષમતાને કેટલી વધારી છે, તો તેમણે એ પણ વિચાર કરવો જોઈએ કે બંધારણના પાલન માટે તેમણે શું કર્યું છે? તેના મૂલ્ય તંત્રના સમર્થન માટે તેમણે શું કર્યું?

છેલ્લાં ૭૩ વર્ષમાં આપણો લોકતાંત્રિક અનુભવ સકારાત્મક રહ્યો છે. સાત દાયકાઓની પોતાની યાત્રામાં દેશે ન માત્ર પોતાના લોકતાંત્રિક બંધારણનું પાલન કર્યું છે, બલ્કે આ દસ્તાવેજમાં નવા પ્રાણ ફૂંકવા અને લોકતાંત્રિક ચરિત્રને મજબૂત કરવામાં પણ અત્યધિક પ્રગતિ કરી છે. આપણે ‘લોક’ને આપણા ‘લોકતંત્ર’ના કેન્દ્રમાં રાખ્યા છે અને આપણો દેશ ન માત્ર સૌથી મોટા લોકતંત્ર રૂપે, બલ્કે એક એવા દેશ રૂપે ઉભરીને સામે આવ્યો છે, જે નિરંતર પલ્લવિત થનારી સંસદીય પ્રણાલીની સાથે જીવંત અને બહુલતાવાદી સંસ્કૃતિનું ઉજ્જવળ પ્રતીક છે. આપણે બંધારણની પ્રસ્તાવનાને અનુરૂપ એક સમાવેશી અને વિકસિત ભારતના નિર્માણ માટે ન માત્ર આપણી નીતિઓ અને કાર્યક્રમોને સાકાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, બલ્કે આપણે શાસન-પ્રણાલીમાં પણ રૂપાંતરણ કરી રહ્યા છીએ. આ વાસ્તવમાં એક આદર્શ પરિવર્તન છે, જેમાં લોકો હવે નિષ્ક્રિય અને મૂકદર્શક કે ‘લાભાર્થી’ નથી રહ્યા, પરંતુ પરિવર્તન લાવનારા સક્રિય એકમો છે. જ્યાં સુધી પ્રત્યેક વ્યક્તિ પોતપોતાના ઉત્તરદાયિત્વનું વહન નહીં કરે, ત્યાં સુધી અન્ય લોકોના અધિકારોને મૂર્ત રૂપ નહીં આપી શકાય. ભારત પાસે એવી ઘણી શક્તિઓ અને ક્ષમતાઓ છે, જે આપણને ઉચ્ચ વિકાસના માર્ગ તરફ પ્રેરિત કરી શકે છે. આપણું સમૃદ્ધ માનવ સંસાધન તેમાંથી એક છે. આપણી પાસે સક્ષમ સિવિલ સેવા રૂપે એક મજબૂત માળખું છે, જેને આપણા બંધારણ નિર્માતાઓએ બનાવ્યું હતું. આ બધાના યોગ્ય સમન્વય અને સુયોગ્ય ઉપભોગથી આપણે લોકતંત્રના લાભ બધા સુધી પહોંચાડી શકીશું.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૩૭૨ અને ચાંદીમાં રૂ.૫૦૭નો ઉછાળોઃ ક્રૂડતેલ પણ તેજ

કોટનના વાયદામાં ગાંસડીદીઠ રૂ.૩૭૦ની વૃદ્ધિઃ નેચરલ ગેસમાં સુધારોઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૯૯૯૪ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૯૮૩૬ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૩૬ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૩૯,૩૩૨ સોદાઓમાં કુલ રૂ.૧૯,૮૬૫.૨૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૯૯૯૩.૫૧ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૯૮૩૫.૭૮ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૨,૫૪૬ સોદાઓમાં કુલ રૂ.૫,૫૦૨.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૨,૨૪૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૨,૫૬૮ અને નીચામાં રૂ.૫૨,૨૪૭ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૭૨ વધી રૂ.૫૨,૫૪૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૭૭ ઘટી રૂ.૪૨,૦૯૨ અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૩ વધી રૂ.૫,૨૧૪ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨,૨૩૭ના ભાવે ખૂલી, રૂ.૩૩૧ વધી રૂ.૫૨,૪૭૯ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૧,૨૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૫૬૦ અને નીચામાં રૂ.૬૧,૧૬૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૫૦૭ વધી રૂ.૬૧,૩૯૮ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ. ૨૯૦ વધી રૂ.૬૧,૫૯૨ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪૧૭ વધી રૂ.૬૧,૬૪૨ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૧,૯૭૧ સોદાઓમાં રૂ.૧,૮૩૨.૧૯ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૧૫ વધી રૂ.૨૦૫.૮૫ અને જસત નવેમ્બર વાયદો રૂ.૧.૬૦ વધી રૂ.૨૬૪ના ભાવ થયા હતા. આ સામે તાંબુ નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૬.૬૦ વધી રૂ.૬૭૩.૬૫ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૫ વધી રૂ.૧૮૪ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૪,૨૫૫ સોદાઓમાં કુલ રૂ.૨,૬૧૦.૮૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૩૬૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૫૨૭ અને નીચામાં રૂ.૬,૩૬૯ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૫૭ વધી રૂ.૬,૪૯૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૯.૮૦ વધી રૂ.૫૯૯.૩૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૪૯૦ સોદાઓમાં રૂ.૪૭.૫૮ કરોડનાં કામકાજ થયા હતા. કોટન નવેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૩,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૩,૪૦૦ અને નીચામાં રૂ.૩૨,૮૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૭૦ વધી રૂ.૩૩,૧૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૯૫૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૩૬૧.૦૬ કરોડનાં ૪,૪૬૨.૪૫૭ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩,૧૪૧.૭૯ કરોડનાં ૫૦૦.૦૧૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૩૫૦.૮૧ કરોડનાં ૨૦,૯૦,૦૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૨૬૦ કરોડનાં ૨૧૧૭૬૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૪૬.૪૪ કરોડનાં ૧૪૬૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧.૧૪ કરોડનાં ૧૧.૮૮ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૩૩૯.૯૦૭ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૨૦.૮૭૮ ટન, ક્રૂડ તેલમાં ૧૬૨૧૩૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૦૮૭૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૮૨૧૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૪૮.૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૩૫.૯૪ કરોડનાં ૪૯૨ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૪,૫૮૦ના સ્તરે ખૂલી, ૭૪ પોઈન્ટ વધી ૧૪,૬૧૬ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૯,૮૩૫.૭૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૧૫.૮૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૯.૦૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮,૧૦૧.૪૬ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૧૪૭.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૩૩૮.૦૨ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૨૫.૯૦ અને નીચામાં રૂ.૨૬૬.૧૦ રહી, અંતે રૂ.૬૩.૨૦ વધી રૂ.૩૧૨.૪૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬૭ ખૂલી, ઊપરમાં રૂ.૬૮.૪૦ અને નીચામાં રૂ.૬૩ રહી, અંતે રૂ.૩.૬૫ વધી રૂ.૬૬.૮૫ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૮.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૦ અને નીચામાં રૂ.૧૫૨ રહી, અંતે રૂ.૪૯ વધી રૂ.૧૯૦.૫૦ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૫૮૪ ખૂલી, ઊપરમાં રૂ.૧,૭૯૭ અને નીચામાં રૂ.૧,૫૮૪ રહી, અંતે રૂ.૨૨૦ વધી રૂ.૧,૭૫૦ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯૧ ખૂલી, ઊપરમાં રૂ.૫૪૦ અને નીચામાં રૂ.૪૭૧ રહી, અંતે રૂ.૭૧.૫૦ વધી રૂ.૫૩૮.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૬,૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૨૩.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૩૧.૯૦ અને નીચામાં રૂ.૨૪૧.૮૦ રહી, અંતે રૂ.૮૦.૯૦ ઘટી રૂ.૨૬૨.૧૦ થયો હતો. જ્યારે સોનું જાન્યુઆરી રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨૨.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૨૨.૫૦ અને નીચામાં રૂ.૪૧૮ રહી, અંતે રૂ.૮૮ ઘટી રૂ.૪૩૯.૫૦ થયો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬૯.૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૭૨.૬૫ અને નીચામાં રૂ.૬૬.૪૦ રહી, અંતે રૂ.૬.૩૫ ઘટી રૂ.૬૭.૬૦ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯ ખૂલી, ઊપરમાં રૂ.૭૪ અને નીચામાં રૂ.૪૯ રહી, અંતે રૂ.૬.૫૦ વધી રૂ.૬૯ થયો હતો. ચાંદીફેબ્રુઆરી રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૩૭૬ અને નીચામાં રૂ.૧,૨૭૨.૫૦ રહી, અંતે રૂ.૧૨૨.૫૦ ઘટી રૂ.૧,૩૩૨ થયો હતો.

## ડિસેમ્બરમાં ૧૪ દિવસ સુધી બેંકો બંધ રહેશે

મુંબઈ,તા.૨૯

આવતા ડિસેમ્બર મહિનામાં, તમામ સરકારી અને ખાનગી ક્ષેત્રની બેંકો કુલ ૧૪ દિવસ માટે બંધ રહેશે. ત્યારે તમારૂ બેંકનું કામ મહત્વનું છે તો તમારે તે મુજબનું આયોજન કરવું પડશે જેથી તમે બેંકનું કામ બને તેટલું ઝડપથી પૂર્ણ કરી શકો. ત્યારે આ રજાઓમાં વિવિધ તહેવારો ઉપરાંત રવિવાર અને બીજો, ચોથો શનિવાર પણ આ રજાઓમાં સામેલ છે.

આ રહી બેંકની રજાઓની યાદી

ડિસેમ્બર ૩ઃ સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર (પણજી) નો તહેવાર

ડિસેમ્બર ૪ઃ રવિવાર (તમામ સ્થળો)

૫ ડિસેમ્બરઃ ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ (અમદાવાદ)માં મતદાનનો દિવસ

ડિસેમ્બર ૧૦ઃ બીજો શનિવાર (બધે)

ડિસેમ્બર ૧૧ઃ રવિવાર (તમામ સ્થળો)

ડિસેમ્બર ૧૨ઃ પા-તોગન નેંગમિન્જા સંગમા (શિલોંગ)

ડિસેમ્બર ૧૮ઃ રવિવાર (તમામ સ્થળો)

ડિસેમ્બર ૧૯ઃ ગોવા મુક્તિ દિવસ (પણજી)

ડિસેમ્બર ૨૪ઃ ચોથો શનિવાર (બધે)

ડિસેમ્બર ૨૫ઃ રવિવાર (તમામ સ્થળો)

ડિસેમ્બર ૨૬ઃ ક્રિસમસ સેલિબ્રેશન/લોસોંગ/નમસૂંગ (આઈઝવાલ, ગંગટોક, શિલોંગ)

૨૯ ડિસેમ્બરઃ ગુરુ ગોવિંદ સિંહ જીનો જન્મદિવસ (ચંદીગઢ)

૩૦ ડિસેમ્બરઃ યુ કિઆંગ નાંગબાહ (શિલોંગ)

ડિસેમ્બર ૩૧ઃ નવા વર્ષની પૂર્વ સંધ્યા (આઈઝવાલ)

જો કે ડિસેમ્બર મહિનામાં બેંકો ૧૪ દિવસ બંધ રહેશે. જેમાં બીજા શનિવાર અને રવિવારનો સમાવેશ થાય છે. જોકે, ઓનલાઈન અને નેટ બેંકિંગ સેવાઓ રાબેતા મુજબ ઉપલબ્ધ રહેશે. તમને જણાવી દઈએ કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એટલે કે RBI પોતાની ઓફિશિયલ વેબસાઈટ પર બેંકોની રજાઓ વિશે માહિતી આપે છે.

## દુનિયાના સૌથી ધનિક દસ લોકોની યાદીમાં મસ્ક ફરીએકવાર પ્રથમ ક્રમે, અદાણી ત્રીજા, તો અંબાણી આઠમા ક્રમે

મુંબઈ,તા.૨૯

ફોર્બ્સના રિયલ ટાઈમ બિલિયોનેર્સ ઈન્ડેક્સના તાજેતરના રિપોર્ટમાં દુનિયાના દસ સૌથી વધુ ધનિક લોકોની યાદીમાં એલન મસ્ક ફરીએવાર નંબર વન પર છે.. ચાલો નજર કરીએ આ યાદીમાં સમાવિષ્ટ દસ લોકોના નામ અને તેમની સંપતિ નીચે પ્રમાણે છે

૧. એલોન મસ્ક : ટેસ્લાના સહ-સ્થાપક અને સીઈઓ એલોન મસ્ક ૧૯૧.૨ બિલિયન ડોલરની નેટવર્થ સાથે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ છે. જો કે આ વર્ષે તેમની નેટવર્થમાં લગભગ ૨૦૦ બિલિયન ડોલરનો ઘટાડો થયો છે, જેના કારણે તેમની અને અને આ યાદીમાં બીજા નંબરે આવતી વ્યક્તિ વચ્ચેની સંપતિમાં બહું મોટો ફરક રહ્યો નથી.

૨. બર્નાર્ડ આર્નોલ્ટ અને કુટુંબઃ એલવીએમએચના સીઇઓ અને ચેરપર્સન બર્નાર્ડ આર્નોલ્ટ ૧૭૯.૫ બિલિયન ડોલરની નેટવર્થ સાથે વિશ્વના બીજા સૌથી ધનિક વ્યક્તિ છે.

૩. ગૌતમ અદાણી : ગૌતમ અદાણી વિશ્વના ત્રીજા નંબરના સૌથી ધનિક વ્યક્તિ છે અને તેમની કુલ સંપત્તિ ૧૩૩.૬ બિલિયન ડોલર થઈ ગઈ છે. ગૌતમ અદાણી અદાણી ગ્રુપના સ્થાપક અને ચેરપર્સન છે.

૪. જેફ બેઝોસ : એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ ૧૧૭.૩ બિલિયન ડોલરની નેટવર્થ સાથે વિશ્વના ચોથા સૌથી ધનિક વ્યક્તિ છે.

૫. વોરેન બફેટ : વોરેન બફેટ બાર્કશાયર હેથવેના સીઈઓ છે અને વિશ્વના ટોચના ૧૦ સૌથી ધનિક લોકોની યાદીમાં પાંચમા ક્રમે છે. તેમની કુલ નેટવર્થ ૧૦૮.૫ બિલિયન ડોલર છે.

૬. બિલ ગેટ્સ : માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સ ૧૦૫.૩ બિલિયન ડોલરની નેટવર્થ સાથે વિશ્વના છઠ્ઠા સૌથી ધનિક વ્યક્તિ છે.

૭. લેરી એલિસન : લોરેન્સ જોસેફ એલિસન ઓરેકલ કોર્પોરેશનના સહ-સ્થાપક અને ભૂતપૂર્વ મુખ્ય કાર્યકારી અધિકારી છે અને વિશ્વના સાતમા સૌથી ધનિક વ્યક્તિ છે. તેમની કુલ સંપત્તિ હાલમાં ૧૦૪.૮ બિલિયન ડોલર છે.

૮. મુકેશ અંબાણી : ભારતના અબજોપતિ ઉદ્યોગપતિ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના માલિક મુકેશ અંબાણી વિશ્વના ટોચના ૧૦ સૌથી અમીર લોકોની યાદીમાં ૮મા ક્રમે છે. તેમની કુલ નેટવર્થ ૯૬.૪ બિલિયન ડોલર છે.

૯. કાર્લોસ સ્લિમ હેલુ એન્ડ ફેમિલી : કાર્લોસ સ્લિમ હેલુ અને તેમના પરિવારની મેક્સીકન કંપનીઓમાં મોટી હોલ્ડિંગ છે જે તેમના વિશાળ સમૂહ હેઠળ આવે છે. તેઓ હાલમાં વિશ્વના નવમા સૌથી ધનિક વ્યક્તિ છે અને તેમની કુલ સંપત્તિ ૮૬.૨ બિલિયન ડોલર છે.

૧૦. લેરી પેજ : લેરી પેજ આલ્ફાબેટના બોર્ડ સભ્યોમાંના એક છે અને વિશ્વના દસમા સૌથી ધનિક વ્યક્તિ છે, હાલમાં તેમની કુલ સંપત્તિ ૮૪.૪ બિલિયન ડોલર છે.

જીભ કહે હું જીતાડું,
મારી મીઠી બોલી,
પ્રજા છે સાવ ભોળી.
ચિન્હ કહે હું જીતાડું,
મારા ન કોઈ અક્ષર,
પ્રજા છે નિરક્ષર.
વચન કહે હું જિતાડું,
આપું હું એવાં વાયદા,
પ્રજા જુએ એમાં ફાયદા .
પોસ્ટર કહે હું જીતાડું,
મારો તેમાં છે મોટો ફોટો,
પ્રજાને ન જડે તેનો કોઈ જોટો.
સભા કહે હું જીતાડું,
મારો મંડપ છે મોટો ,
તેમાં ઉછીના છે લોકો.
રોડ કહે હું જીતાડું,
તેમાં શો થાય ભવ્ય,
ન જોઈએ તેમાં કોઈ દ્રવ્ય.
આમ, આ કહે હું જીતાડું.
પેલો કહે હું.
આ જોઈ આંગળી બોલી,
શી.,શી..શી... ચૂપ.
ખુરશી પર બેસવા પકડવી પડે મને,
હું નથી કઈ અંગૂઠો,
હું તો છું સાક્ષર.
સારાં નરસાંની રાખું હું ભાળ.
ખુરશી પર તે જ બેસે,
જેને હું મત આપી આપું એ અધિકાર.

ધર્મિસ્ટા દોશી.પોરબંદર

## કોરોના વેક્સિનથી થયેલ મોત માટે સરકાર જવાબદાર નથીઃ કેન્દ્રનો સુપ્રીમ કોર્ટમાં જવાબ

### રસીના કારણે મૃત્યુ થયાનું જણાયું હોય તેવા કિસ્સામાં સિવિલ કોર્ટમાં દાવો દાખલ કરીને વળતર મેળવવાનો એકમાત્ર ઉપાય છે.

નવીદિલ્હી,તા.૨૯

કોરોના મહામારીને ડામવા માટે લોકડાઉન લાગુ થયું હતું. આ દરમિયાન લોકોના જીવ બચાવવા સરકાર દ્વારા વેક્સિન લેવા માટે વારંવાર અનુરોધ કરવામાં આવતો હતો. આ પ્રકારની કોવિડ વેક્સિન લેવાથી કેટલાક મોત થયા હોવાના આક્ષેપ થયા હતા ત્યારે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યું છે કે, કોવિડ રસીકરણની પ્રતિકૂળ અસરો માટે સરકારને જવાબદાર ઠેરવી શકાય નહીં. સોગંદનામામાં કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે, રસીના કારણે મૃત્યુ થયાનું જણાયું હોય તેવા કિસ્સામાં સિવિલ કોર્ટમાં દાવો દાખલ કરીને વળતર મેળવવાનો એકમાત્ર ઉપાય છે.

આ સોગંદનામું કોરોના રસીકરણ બાદ ગયા વર્ષે મૃત્યુ પામેલા બે યુવતીઓના માતાપિતા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના જવાબમાં આવ્યું છે. અરજીમાં બે દિકરીઓની મૃત્યુની સ્વતંત્ર તપાસ અને રસીકરણ પછી પ્રતિકૂળ અસરોની ઝડપી તપાસ અને સમયસર સારવાર માટે પ્રોટોકોલ તૈયાર કરવા નિષ્ણાત તબીબી બોર્ડની માંગણી કરવામાં આવી હતી. ગત અઠવાડિયે અરજીનો જવાબ આપતાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જણાવ્યું હતું કે, AEFIને કારણે રસીના ઉપયોગને કારણે અત્યંત દુર્લભ કેસમાં મૃત્યુ માટે જવાબદાર ઠેરવીને વળતર પૂરું પાડવા રાજ્ય કાયદેસર રીતે બંધનકર્તા ન બનાવી શકાય. બંને મોત પ્રત્યે ઉંડી શોક વ્યકત કરતા કેન્દ્રએ કહ્યું કે માત્ર એક જ કેસમાં રાષ્ટ્રીય છઈર્હૈં સમિતિ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં રસી સંબંધિત AEFI મૃત્યુનું કારણ હોવાનું જણાયું હતું. વળતર માટે અરજદારની અરજીને નકારી કાઢતાં મંત્રાલયે જણાવ્યું હતું કે, જો કોઈ વ્યક્તિને AEFIથી શારીરિક ઈજા અથવા મૃત્યુ થાય તો તેમના પરિવારો પાસે નુકસાન/વળતર મેળવવા માટે સિવિલ કોર્ટનો સંપર્ક કરવા સહિતના વિકલ્પો ખુલ્લા છે. બેદરકારી માટેના આ દાવા માટે કેસને આધારે નિર્ણય લેવાનો રહેશે.

વરિષ્ઠ એડવોકેટ કોલિન ગોન્સાલ્વિસ દ્વારા કરાયેલી અરજીમાં કહેવામાં આવ્યું કે, જો રસી પછીની અસરો સાથે જાણકારી આપવામાં આવી હોત તો આ મૃત્યુ ન થયા હોત. સામે પક્ષે કેન્દ્રએ કોર્ટને જણાવ્યું કે, સૂચિત સંમતિનો ખ્યાલ રસી જેવી દવાના સ્વૈચ્છિક ઉપયોગ પર લાગુ પડતો નથી. AEFIના આંકડા આપતા સરકારે કહ્યું કે, કુલ ડોઝની તુલનામાં આડઅસરથી મૃત્યુનો આંકડો ખૂબ જ ઓછા છે.

એફિડેવિટમાં જણાવ્યું હતું કે, ૧૯ નવેમ્બર, ૨૦૨૨ સુધી દેશમાં આપવામાં આવેલ કોવિડ-૧૯ રસીના ૨૧૯.૮૬ કરોડ ડોઝમાંથી ૯૨,૧૧૪ AEFIs નોંધવામાં આવ્યા છે, તેમાંથી ૮૯,૩૩૨ (૦.૦૦૪૧%) સામાન્ય/ગૌણ AEFIs હતા, જ્યારે માત્ર ૨૭૮૨ (૦.૦૦૦૧૩%) મૃત્યુ સહિત ગંભીર અથવા ગંભીર AEFIમાં પરિણમ્યા હતા. કેન્દ્રએ સ્વીકાર્યું કે આ તમામ ગંભીર AEFIનું ઉંડાણપૂર્વક વિશ્લેષણ હજુ બાકી છે પરંતુ તેને કારણે રસીને જ પ્રત્યક્ષ જવાબદાર ઠેરવવી ખૂબ જ ઉતાવળ ગણાશે.

પ્રથમ અરજદારની પુત્રી રચના ગંગુને ગયા વર્ષે ૨૯ મેના રોજ કોવિશિલ્ડનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો અને ૧૯ જૂનના રોજ એક મહિનાની અંદર તેનું નિધન થયું હતું. બીજા અરજદાર વેણુગોપાલન ગોવિંદનની પુત્રીને કોવિશિલ્ડનો પ્રથમ ડોઝ ૧૮ જૂને મળ્યો અને ગયા વર્ષે ૧૦ જુલાઈના રોજ તેનું અવસાન થયું. સોગંદનામામાં હેલ્થ ડિપાર્ટમેન્ટ દ્વારા જણાવાયું છે કે, પ્રથમ અરજદારની પુત્રીને થ્રોમ્બોસિસ અને થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ (જી) થયો હતો જે વૈશ્વિક સ્તરે નોંધાયેલ કોવિડ-૧૯ રસીને કારણે થતું એક દુર્લભ AEFI છે. ૩૦ સપ્ટેમ્બર સુધી ભારતમાં જીના ૨૬ છઈર્હૈં કેસ નોંધાયા છે, જેમાંથી માત્ર ૧૨ જ મૃત્યુ પામ્યા છે. કેનેડામાં નોંધાયેલા ૧૦૫ ટીટીએસ અને ઓસ્ટ્રેલિયામાં ૧૭૩ કેસ કરતાં આ આંકડા ઓછા હતા. અરજદારોએ ગયા વર્ષે ૧૪ જુલાઈ અને ૧૬ જુલાઈના રોજ વડાપ્રધાન કાર્યાલયને અલગ-અલગ રજૂઆતો મોકલી હતી, જેનો કોઈ જવાબ મળ્યો ન હોવાનો દાવો પણ કર્યો હતો. જોકે, કેન્દ્રએ દાવો કર્યો હતો કે ડિસેમ્બર ૨૦૨૧ અને માર્ચ ૨૦૨૨માં એક વખત અગાઉ તેમની રજૂઆતોનો જવાબ આપ્યો હતો. પિટિશનમાં તેણે ઓટોપ્સી રિપોર્ટ અને વળતરની વિગતો માંગી હતી અને તેને ચેરિટીમાં દાન કરવાની ઓફર પણ કરી હતી.

## ૫૦ પૈસા, એક રૂપિયાના જુના સિકકા ચલણમાંથી પાછા ખેંચાયા


નવીદિલ્હી તા.૨૯

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ કેટલીક શ્રેણીના ચલણી સિકકાઓને સરકયુલેશનમાંથી પાછા ખેંચ્યા છે. ૫૦ પૈસા તથા એક રૂપિયાના આ સિકકા બેંકમાં જમા કરાવાયા બાદ બેંકો તે ફરી ચલણમાં નહીં મુકે. મોંઘવારીના વર્તમાન યુગમાં એક રૂપિયાની કોઈ ખાસ કિંમત રહી નથી. રીઝર્વ બેંકની માર્ગદર્શિકાને ટાંકીને દિલ્હી સ્થિત આઈસીઆઈસીઆઈ બેંકની બ્રાંચમાં નોટીસ મુકવામાં આવી છે અને તેમાં કેટલીક શ્રેણીના સિકકા રી-ઈસ્યુ નહીં થવાનુ જણાવાયુ છે. એવી ચોખવટ કરવામાં આવી છે કે તમામ સિકકા કાયદેસરના જ છે. પરંતુ બેંકોમાં જમા થયા બાદ ફરીવાર ચલણમાં નહીં મુકાય. ૧૯૯૦ તથા ૨૦૦૦ના દાયકામાં ચલણમાં રહેલા ૫૦ પૈસા તથા એક રૂપિયાના અમુક સિકકાને આ માર્ગદર્શિકા લાગુ થશે.

માર્ગદર્શિકા મુજબ કુપરોનીકલના ૨૫, ૫૦ પૈસા તથા એક રૂપિયાના સિકકા, સ્ટેનલેસ સ્ટીલના ૧૦ પૈસાના, એલ્યુમીનીયમના પાંચ, દસ તથા વીસ પૈસાના સિકકા રી-ઈસ્યુ નહીં થઈ શકે. આ તમામ સિકકા વ્યવહારમાં ચાલુ જ રહેશે. પરંતુ બેંકમાં જમા થયા બાદ સરકયુલેશનમાં પાછા નહીં આવે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



*NOG SS NO:004*
વિષય: ધર્માચરણની સમાજ પર અસર
પ્રકાર:ગદ્ય વાર્તા
શબ્દો:૩૫૦
શીર્ષક:રૂપાંતર

રમણનો ઉછેર અમદાવાદની બાજુના નાના ગામ કડીમાં થયેલો. ભણી રહ્યાં પછી તેના પિતાની ઈચ્છાને માન આપી તે લંડન ભણવા ગયો. બે વર્ષ સુધી તે સરળ ને પ્રેમાળ રમણ મહિનામાં બેથી ત્રણવાર ફોન કરતો. માતા સાથે ને પિતા સાથે ઘરની ને ગામની વાતો કરી ચર્ચા કરતો.

એકવાર તે કહ્યાં કારવ્યા વગર તે ભારત આવ્યો. પિતાને ચિંતા થઈ માતાને આનંદ! કંઈ પણ બોલ્યો નહિ,

એક દિવસ તેણે પિતાની સાથે હિન્દુ ઘર્મની વાતો વિશે ખૂબ ચર્ચા કરી. તેણે કહ્યું," પિતાજી અસુરો તો ત્યારે પણ હતા ને આજે પણ છે. દેવી દેવતા, વેદ પુરાણ પણ રચાયા ને બાઈબલ કુરાન પણ રચાયા બધાં જ ઘર્મે શું ઉપદેશ આપ્યો?

ક્ષમા જ ઘર્મ છે, સદાચાર જ સારો કર્મ છે. તો પછી માનવી કેમ એકબીજાનાં ઘર્મની હુંશાતુંસી કરે છે. કેમ માનવમાં વિભિન્નતા છે? કેમ માનવી અસત્યનો માર્ગ અપનાવે છે? મને જ્યાં સુધી સાચા ધર્માચારણનો માર્ગ નહિ મળે ત્યાં સુધી ભ્રમણ કરવું છે. તમે મને રજા આપો તો પરિક્રમા માટે નીકળી પડું.

માતા-પિતા તો અવાક્ જ રહી ગયાં. દીકરો તો હાથથી જ ગયો! મા આક્રંદ કરતી રહી.

રમણ ગામથી નીકળ્યો ને તેણે રસ્તામાં જોયું કે એક ભેંસ તેના બચ્ચાનું રક્ષણ કરવા રણે ચઢી હતી, એક મોર તેના ઈંડાને બચાવી રહ્યો હતો, એકબાજું એક ગાડીએ ઘોડો બાંધ્યો હતો તે આગળ નહોતો વધતો તેના માલિકે ચાબુક ઉગામી તો ઘોડાંએ આગલા બે પગ ઉંચા કરી ગાડીને નુકશાન કરી દીધું આમ બધું જોતા રમણે વિચાર્યું કે માનવ કેટલો સ્વાર્થી છે તે પોતાનું જ વિચારે છે જ્યારે જાનવર તો તેનું ને તેના બાળ બચ્ચાનું ને પોતાની જાતનું

રક્ષણ કરી સાચો ઘર્માચરણ સાચવી રહ્યો છે જ્યારે માનવ તો સ્વાર્થી વધુ સ્વાર્થી બનતો જાય છે. સાચો ધર્માચરણ તો માનવની માનવતાનાં ઉપયોગમાં છે. ભલે તે હિન્દુ હોય કે મુસ્લિમ, ખ્રિસ્તી હોય કે જૈન ! તે અડધે થી પાછો આવ્યો માતા પિતાની ક્ષમા માંગી અને પોતાની સ્ત્રીમિત્રને ફોન કરી કહ્યું , “ તું કંઈ જાતિની છે એના કરતા તારામાં રહેલા ગુણોએ મને આકર્ષી છે.

તેના રૂપાંતરથી તેણે માર્ગરેટને ભારત બોલાવી ને માતાપિતાને તેનો પરિચય આપ્યો ને ધર્માચરણની ખોટી અસરમાંથી મુક્તિ મેળવી મંદિર ને ચર્ચમાં જઈ લગ્ન કર્યા. ત્રીસ વર્ષથી ધર્મને સમજી ચુકેલા્ રમણ ને માર્ગરેટ અત્યારે પણ સુખી છે. ક્યારેય ઝઘડ્યા નથી.

જયશ્રી પટેલ
૨૮/૧૧/૨૨

# શું છે?

અત્ર,તત્ર, સર્વત્ર,
હાજરી છે.
સમાચારની સુરખીમાં,
હાજરી છે.
એની ચર્ચા ચોમેર,
તેની હાજરી છે??
કોણે ઓર્ડર કર્યો?
કોને ઓર્ડર કર્યો?
કોણે પિરસી?,
કોને પિરસી ?,
કોણે ગટગટાવી?,
કોણે ન પીધી?,
કોણે ઢોળી?,
આ બધું શું છે?
કેવું બખડજંતર છે?
કેવું બવડંર છે??
આ મુદા લઈને,
જનતા પાસે જવાનું?
બીજા કોઈ ,
મુદા જ નથી?
કેવળ અને કેવળ,
ચાય પે જ ચર્ચા ?
આ તે લોકશાહી છે કે,
ચાની કિટલી??

ભરત વૈષ્ણવ
૨૯.૧૧.૨૦૨૨.

# પ્રથમ તબક્કામાં ૧૯ જિલ્લાની ૮૯ બેઠક માટે ચુંટણી પ્રચારના પડધમ શાંત થયા

## પ્રથમ તબક્કામાં તા. ૧ ડિસેમ્બર, ૨૦૨૨ ના મતદાન યોજાશે.

ગાંધીનગર,તા.૨૯

ગુજરાતમાં કુલ બે તબક્કામાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. ગુજરાતમાં પ્રથમ તબક્કામાં ૧ ડિસેમ્બર અને બીજા તબક્કામાં ૫ ડિસેમ્બરે મતદાન થવાનું છે.પ્રથમ તબક્કાના ૧૯ જિલ્લાઓની ૮૯ બેંઠકો માટે તા. ૧ ડિસેમ્બર, ૨૦૨૨ના મતદાન યોજાશે જેના માટે આજે સાંજે પાંચ વાગે ચુંટણી પ્રચારના પડધમ શાંત થઈ ગયા છે.હવે ઉમેદવારો ચુંટણી રેલી,સરઘસ કે જાહેરસભાઓ યોજી શકશે નહીં જો કે ઘેર ઘેર જઈ ચુંટણી પ્રચાર કરી શકશે હવે જેથી બે બેઠકો પર મતદાન થનાર છે તેમાં મતદાર ન હોય તેવા અને મત વિભાગમાં પ્રચાર અર્થે બહારથી આવેલા કોઈ પણ પક્ષના રાજકીય કાર્યકર્તા, પક્ષના પ્રચારક વગેરે ચૂંટણી પ્રચારનો અંત આવતાં જ તેમને મત વિસ્તાર છોડી દેવો પડશે

ચુંટણી પ્રચારના અંતિમ દિવસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાં ચૂટણી સભા ગજવી હતી. જેમા ગરબડા , ઠસરા કપડવંજ અને અમદવાદમાં અમરાઈવાડીમાં ચૂંટણી પ્રચાર કર્યો હતો તો બીજી તપફ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની ગાંધીધામમાં રોડ શો કર્યો હતો આ સિવાય માંડવી, વેજલપુર અમદવાદ ઘીકાંટા પોસ્ટ ઓફિસ પાસે પણ જાહેર સભાને સંઘબોન કર્યું હતું. ગુજરાતના મુખ્યમંત્રી પાટણ ખાતે ભવ્ય રોડ શો કર્યો હતો તો તેની સાથે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા પણ ગુજરાતમાં દેવગઢ બારીયામાં જાહેરસભાને સંબોધન કર્યું હતું આ ઉપરાંત ભાવનગરમાં રોડ શો અને વડોદરમાં જાહેર સભાને સંબોધન કર્યું હતું

પ્રથમ તબક્કામાં ૧૯ જિલ્લામાં થનાર મતદાન માટે કુલ ૨,૩૯,૭૬,૬૭૦ મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે, જેમાં ૧,૨૪,૩૩,૩૬૨ પુરુષ, ૧,૧૫,૪૨,૮૧૧ મહિલા તથા ૪૯૭ ત્રીજી જાતિના મતદારોનો સમાવેશ થાય છે. જ્યારે બીજા તબક્કામાં ૧૪ જિલ્લામાં યોજાનાર મતદાન માટે કુલ ૨,૫૧,૫૮,૭૩૦ મતદાર મત આપી શકશે, જેમાં ૧,૨૯,૨૬,૫૦૧ પુરૂષ, ૧,૨૨,૩૧,૩૩૫ મહિલા અને ૮૯૪ ત્રીજી જાતિના મતદારોનો સમાવેશ થાય છે. એમ બંને તબક્કામાં થઈ ૨,૫૩,૫૯,૮૬૩ પુરુષ, ૨,૩૭,૭૪,૧૪૬ મહિલા અને ૧,૩૯૧ ત્રીજી જાતિના મળી કુલ ૪,૯૧,૩૫,૪૦૦ મતદારો નોંધાયેલા છે.

૧ ડિસેમ્બરે ૧૯ જિલ્લાની ૮૯ બેઠક માટે પ્રથમ તબક્કાનું મતદાન યોજાવાનું છે તેમાં -કચ્છ જિલ્લો : બેઠકોના નામ : અબડાસા, માંડવી, ભુજ, અંજાર, ગાંધીધામ, રાપર, -સુરેન્દ્રરનગર જિલ્લો : બેઠકોના નામ : દસાડા (જીઝ), લીમડી, વઢવાણ, ચોટીલા, ધ્રાંગધ્રા, -મોરબી જિલ્લો : બેઠકોના નામ : મોરબી, ટંકારા, વાંકાનેર,-રાજકોટ જિલ્લો : બેઠકોના નામ : રાજકોટ પૂર્વ, રાજકોટ પશ્ચિમ, રાજકોટ દક્ષિણ, રાજકોટ ગ્રામ્ય જસદણ, ગોંડલ, જેતપુર, ધોરાજી, -જામનગર જિલ્લો : બેઠકોના નામ : કાલાવડ, જામનગર (ગ્રામ્ય), જામનગર (ઉત્તર), જામનગર દક્ષિણ, જામજોધપુર, ખંભાળિયા, દ્વારકા, પોરબંદર, -દેવભૂમિ દ્વારકા જિલ્લો :બેઠકોના નામ : ખંભાળિયા, દ્વારકા, પોરબંદર, -પોરબંદર જિલ્લો : બેઠકોના નામ : કુતિયાણા, માણાવદર, -જૂનાગઢ જિલ્લો : બેઠકોના નામ : જૂનાગઢ, વીસાવદર, કેશોદ, માંગરોળ,- ગીર-સોમનાથ જિલ્લો : બેઠકોના નામ : સોમનાથ, તલાલા, કોડિનાર, ઉના, -અમરેલી જિલ્લો : બેઠકોના નામ : ધારી, અમરેલી, લાઠી, સાવરકુંડલા, રાજુલા,- ભાવનગર જિલ્લો : બેઠકોના નામ : મહુવા, તળાજા, ગારિયાધર, પાલીતાણા, ભાવનગર ગ્રામ્ય, ભાવનગર પૂર્વ, ભાવનગર પશ્ચિમ,- બોટાદ જિલ્લો : બેઠકોના નામ : ગઢડા,બોટાદ,નર્મદા જિલ્લો : બેઠકોના નામ :

નાંદોદ, દેડિયાપાડા -ભરૂચ જિલ્લો : બેઠકોના નામ : જંબુસર, વાગરા, ઝઘડિયા,ભરૂચ, અંકલેશ્વર,-સુરત જિલ્લો : બેઠકોના નામ : ઓલપાડ, માંગરોળ,માંડવી, કામરેજ, સૂરત પૂર્વ, સુરત ઉત્તર, વરાછા રોડ, કારંજ, લિંબાયત, ઉધના, મજુરા, કતારગામ, સુરત પશ્ચિમ, ચોર્યાસી, બારડોલી,મહુવા -તાપી જિલ્લો : બેઠકોના નામ : વ્યારા, નિઝર -ડાંગ જિલ્લો : બેઠકોના નામ : ડાંગ -નવસારી જિલ્લો : બેઠકોના નામઃ જલાલપોર, નવસારી, ગણદેવી, વાંસદા - વલસાડ જિલ્લો : બેઠકોના નામ : ધરમપુર, વલસાડ, પારડી, કપરાડા, ઉમરગામનો સમાવેશ થાય છે.

# સંબંધ એટલે?




આજે જ્યારે દિલને પૂછ્યું ત્યારે ...

દિમાગ બોલી ઊઠ્યું, સંબંધ એટલે સમ બંધ

સરખો પ્રેમ, વ્યવહાર અને લાગણી,

બની સૌનો સેતુબંધ,કરી શકે છે સંબંધોની સાચવણી.

જગતમાં જન્મતા જ કંઈ કેટલાંય સંબંધો બંધાય છે. આપણો પહેલો શ્વાસ, માતામાં વિશ્વાસ, આપણું પહેલું રુદન, જગતમાં આવ્યાની ઘૂટન, પહેલું હાસ્ય પરિવારમાં ભળવાનો આનંદ . આ બધું શિશુ અવસ્થામાં અનુભવવા છતાં આપણે એ લાગણીઓથી અજાણ છીએ છતાં જાણે અજાણે સૌની સાથે બાળપણમાં રમત રમતમાં સંબંધ બંધાઈ જાય છે અને એ સંબંધો આપણું સર્વસ્વ હોય છે.

ધીરે ધીરે જેમ ઉંમર વધે તેમ સંબંધો વિકસતા જાય છે. શાળા, કૉલેજ, આપણે જ્યાં રહેતા હોય ત્યાં આસપાસનાં લોકો સાથે, ધંધા નોકરીનાં વિગેરે અનેક સંબંધો કેળવાય છે. અમુક સમય ગાળા પછી અમુક સંબંધો છૂટી જાય છે અને કંઈક લાગણી, સ્નેહથી બંધાયેલા સંબંધો , લોહીના સંબંધો આજીવન નભે છે કે નભાવવા પડે છે. આમ સંબંધોનું વૃક્ષ વેલામાંથી વટવૃક્ષ બને પણ એ વૃક્ષને વડલાના વૃક્ષની જેમ સાચવવા એના મૂળિયાં પ્રેમ, લાગણી અને સમજણથી મજબૂત કરવા પડે તો એ વૃક્ષ આપણી હયાતી ના હોય ત્યારે પણ લોકોનાં હૃદયમાં જળવાઈ રહે.

સૌથી પહેલાં આપણે એકબીજાં સાથે ઋણાનુબંધથી જોડાઈએ છીએ. એ ઋણાનુંબંધ લોહીનાં , સ્નેહનાં, ફરજનાં,અધિકારનાં છે. સમય પ્રમાણે સંબંધનું માળખું પણ બદલાય છે . સંબંધમાં પણ વસંત, પાનખર આવે છે ,ત્યારે માનવે સ્થિતપ્રજ્ઞ થઈ અને આત્માના અવાજને ઓળખી ,સમજણની શાખે એકબીજાંને સાચવી લેવા પડે.પ્રકૃતિગત સ્વભાવ વ્યક્તિએ વ્યક્તિએ જુદો હોય પણ જમવામાં આપણે જેમ ખારો, ખાટો,તીખો, તૂરો,કડવો, મીઠો સ્વાદ સ્વીકારી ભોજનને સ્વાદિષ્ટ બનાવી જમીએ છીએ તેમ આપણી જોડે જોડાયેલાં લોકોનાં કામ, ક્રોધ, લોભ, મોહ , મદ , મત્સરવાળાં સ્વભાવને સકારાત્મક રીતે આવકારીએ. જીવનમાં જે જૂજ લોકો જોડે આપણે જોડાયેલાં છીએ તેને નિભાવવા જ રહ્યાં કારણ હું કે તમે પણ સર્વગુણ સંપન્ન તો નથી જ, હશે,ચાલશે ,ભાવશે , ફાવશે અપનાવી લેવાં જોઈએ.

જગત આખું સંબંધના આધારે ચાલે છે . દુનિયા આખી આ માળખામાં જોડાયેલી છે, દેશ , વિદેશનાં વ્યહવાર પણ એકબીજાંની સમજણથી ચાલે છે જેનો દાખલો શ્રીમાન મોદીજીએ બેસાડ્યો છે. જે રીતે દુનિયામાં સંબંધો સાચવી ભારતનું ગૌરવ વધાર્યું છે તે માટે મોદીજીને શત શત નમન કરવા પડે . આપણી આર્ય સંસ્કૃતિની ‘વસુધૈવ કુટુમ્બકમ ‘ની જે ભાવના છે, તેને સકારાત્મક વિચારો દ્વારા અનુભવી શકાય અને વાસ્તવિક રીતે તેને અનુસરીએ તો જગતમાં સ્વર્ગ સર્જી શકાય.

પ્રકૃતિ સાથે પશુ-પંખી પણ એક લાગણીના દોરે બંધાયેલા હોય છે. દા. ત. સૂરજમુખી ફૂલ સવારે સૂર્યોદયથી ખીલે છે, તો રાતરાણી રાતના ચંદ્રની શીતળતામાં મહેકે છે. કૂકડો પ્રભાતે બોલે, પંખીનો કલરવ સવારે જ સંભળાય. આ બધું દર્શાવે છે કે સૌએ મહાન કુદરત સાથે તાદાત્મ્ય સાધેલું છે. પંખીને ચણ નાખીએ તો તે કલરવ કરી બધાંને બોલાવીને ચણે છે . તે જ રીતે જો એક સાકરનો દાણો પડ્યો હોય તો કેટલીયે કીડી એક સાથે ભેગી થઈ જાય છે. આ સાબિત કરે છે કે ભૂચર,જળચર , નભચર દરેક પ્રાણી, પક્ષી એક અગમ્ય લાગણીથી જોડાયેલું છે અને સૌ પોતાના સંબંધો સાચવે છે, નભાવે છે.

છેલ્લે સંબંધો સાચવવા માટે આપણે સૌ એક જ પરમાત્માનાં સંતાન છીએ અને સૌમાં એક જ આત્મા વસે છે. એ સમજણ આવી જાય તો બસ સંબંધ આપોઆપ સચવાઈ જાય. નમ્રતા , વાણીમાં મીઠાશ અને સ્પષ્ટ વક્તા હોય તેને સંબંધો સાચવવા નથી પડતાં, તેમનું વર્તન જ પરસ્પરને જોડેલા રાખે છે.

શ્રીદેવી પંચોલી
(અમદાવાદ)

એક વાર મત આપીએ અને પાંચ વરસ મફત ખવડાવે તેવો ઉમેદવાર જોઈએ

વિધાનસભાની ચૂંટણીના જાહેરનામા, પ્રતીકોની યાદી અને ઉમેદવારાના મેનીફેસ્ટો, વચનપત્રો, સંકલ્પપત્રો અને ગેરંટી કાર્ડ( માનો કે ચૂંટણી કોઈ પ્રોડકટ હોય અને કાયદા મુજબ ગેરંટી કે વોરંટી મળવાપાત્ર હોય અને ભંગના કિસ્સામાં કન્ઝયુમર કોર્ટમાં કલેઈમ ફાઈલ કરી શકાતો ન હોય!!) લઈને રાજુ રદી મારા ઘરે આવ્યો!!

“રાજુ. શું છે? સરપંચનું ફોર્મ બોર્મ ભર્યું છે કે શું?” મેં પૂછયું.

“ગિરધરભાઇ. નેતા થઈને પ્રજાની ગાળો સાંભળવી તેના કરતાં પ્રજા થઈ નેતાને ગાળો દેવી સારી. હું જનતા જનાર્દન રહેવા માંગું છું.” રાજુએ અગત્યની ઉદ્ઘોષણા કરી.

“રાજુ. વિધાનસભાની ચૂંટણી થશે તેમાં તને શું મળશેમેં પ્રલોભનકારી સવાલ ફેંક્યો. “ બુથ લેવલ ઓફિસર મતદાર કાપલી અને પાર્ટીવાળા તેમના સિમ્બોલવાળી કાપલી ભટકાડી ગયા. જેમાં મતદાન કેન્દ્ર નંબર, મતદાર યાદી ભાગ ક્રમાંક વગેરે વિગતો આપી ગયા. તેના સિવાય બાબાજીનું ઠુલ્લું !!”” બીજા લઈ ગયાને અમે રહી ગયાના ભાવ સાથે કહ્યું.

“રાજુ. અંડર ઈવીએમ( ચૂંટણીમાં મતદારોને પ્રલોભન આપવાની રીત રસમો માટે નવું નામાભિધાન!) લાભ મળ્યો હશે? અમે રાજુને પૂછયું.

“ ગિરધરભાઈ . આ તો હરિના માર્ગ જેવું છે. મહીં પડયા તે મહાસુખ માણે, ચોખલિયા લટકી પડે રે લોલ!! સેકટર ૨૨માં પાર્ટીઓના રસોડા ઓપન ફોર ઓલ હતા. મહીનો-દોઢ મહીનો રાત્રે પાઉંભાજી, ભજિયા, સમોસા, ચા-પાણીની જયોફતો ઉડતી હતી તેમાં ડુબકા માર્યા!” રાજુએ રહસ્યોદ્ઘાટન કર્યું

“રાજુ.ચૂંટણી એ રાષ્ટ્રીય પર્વ છે.તેમાં બધા સ્ટેક હોલ્ડરોની પાંચે આંગળી ધીમાં છે. ચૂંટણીતંત્ર બંધારણીય ફરજ અદા કરે છે. ન્યુનતમ ખર્ચ કરે છે. તું નહીં માને પણ ૧૯૫૨માં લોકસભાની ચૂંટણી યોજનાનો કુલ ખર્ચ રૂપિયા ૧૦.૪૫ કરોડ થયેલો હતો. દરેક મતદાર દીઠ માત્ર સાંઈઠ પૈસા ખર્ચ થયેલ હતો .જે ૨૦૧૯માં વધીને રૂપિયા ૭૦૦૦ કરોડ થયેલો હતો ! ઉમેદવારો જીતવા માટે પૈસાનું પાણી કરે. ખાટસવાદિયા મંડપ ડેકોરેશન, ખેસ, બિલ્લા, ચોપાનિયા, કેટરિંગના કોન્ટ્રેકટ મેળવી લાખોપતિમાંથી કરોડોપતિ બનવા ઉધામા કરે. ઉદ્યોગશાળા બધા સાથે રાજકીય સંબંધોની તુલા સમતોલ કરવા ચંદા આપે. મતદારો પાંચ વરસે કિંમતી અને અમૂલ્ય ( કિંમતી અને અમૂલ્ય શબ્દો જ પારસ્પરિક વિરોધાભાસી છે!)મતની ચવાણું, કૂકર, સાડી, રોકડ રકમ, પોટલી( કયાં જમાનામાં જીવો છો, ડયુડ? સુદામાના તાંદૂલની પોટલીની વાત નથી. પોટલી એટલે જાનમ સમજા કરો!!)બીડી, બુમલા ( સૂકી માછલી) સ્વરૂપે કિંમત વસૂલે છે. બધી પાર્ટી પાસેથી વસ્તુ લઈ મત જેને આપવો હોય તેને જ આપે છે. આમ, કરપ્ટ હોવા છતાં આપણી લોકશાહીના મૂળિયા ઉંડા અને મજબુત છે!!”મેં લોકશાહીનો મહિમા વર્ણવ્યો.

“ ગિરધરભાઇ. ચૂંટણીમાં અને ચૂંટણી પછી મતદારોને સાઈકલ , મંગળસૂત્ર, લેપટોપ, મિકસચર ગ્રાઈન્ડર, મધ્યાહ્ન ભોજન ,વાસણોને સેટ મફત વીજળી આવી પ્રજાલુભાવન યોજનાથી તિજોરી ખાલી કરવામાં આવે તે અંગે સમાજશાસ્ત્રી નારાજગી જાહેર કરે છે, છે પણ કોઈના પેટની આગ ઠારવા માટે દિલચસ્પી દાખવતાં નથી!!” રાજુએ વિવાદાસ્પદ મુદો રજૂ કર્યો .“ ઉમેદવારો દ્વારા પણ જાતજાતના પ્રલોભનો આપવામાં આવે છે. નદી ન હોય ત્યાં પુલ બાંધી આપવો, દરિયો ન હોય ત્યાં જેટી બાંધી આપવી. ઈટાલીની ચૂંટણીમાં એક આમ્રપાલી ( અરે વારાંગના-રુપજિવીની)ઉભી રહેલી. તેણે એવો વાયદો કરેલ કે ચૂંટણી જીતી જઈશ તો તમામને કીસ કરવા દઈશ. આ વાયદો સાંભળી ઘણા લોકોને ઈટાલીની નાગરિક થવાની ખંજવાળ ઉપડી હતી!!અલબત, મતદારોના કમનસીબે તે ચૂંટણી હારી ગઈ હતી. મતદારોના દિલના ટુકડા ટુકડા થઈ ગયા હતા!!”મેં રાજુને કહ્યું. “ ગિરધરભાઈ. પસુંજની મુવાડીના મહિલા ઉમેદવારોના સમર્થકોએ મતદારોને ફલાવરના દડાની વહેંચણી કરી છે.

ઉમેદવારે શરાબ, તમાકુ , બીડી કે સિગારેટ જેવા નુકસાનકારક વસ્તુના બદલે ઉપયોગી વસ્તુ આપવા સમર્થકોને હાકલ કરેલી” રાજુએ ગ્રામ્ય ખબરપત્રીની ભૂમિકા અદા કરી.

“ રાજુ, આપણે એકવાર મત આપીએ અને ઉમેદવાર કમ વિજેતા પાંચ વરસ આપણને ભરપેટ જમાડે તેવા ઉમેદવારો શોધી કાઢ” મેં રાજુને અલ્ટીમેટમ આપ્યું.

રાજુ રદી પગ પછાડતો તેના ઘરે જતો રહ્યો.

ભરત વૈષ્ણવ
૧૬.૧૨.૨૦૨૧.ઈ
હાસ્યલેખ

# આજથી વાતાવરણમાં પલટો આવશે. સાંજ પડતાની સાથે જ રાજ્યમાં ઠંડીનો ચમકારો વધશે

અમદાવાદ,તા.૨૯

શિયાળો શરૂ તો થઈ ગયો છે પણ હજુ સુધી જોઈએ એવી ઠંડી પડતી નથી. રાત્રે ઠંડી અનુભવાય છે પણ દિવસ દરમ્યાન વાતાવરણ ગરમ રહેતું હોય છે. પણ હવામાન વિભાગની આગાહી મુજબ આજથી વાતાવરણમાં પલટો આવશે. સાંજ પડતાની સાથે જ રાજ્યમાં ઠંડીનો ચમકારો વધશે. આજ સાંજથી અમદાવાદ સહિત રાજ્યના કેટલાંક શહેરોમાં વાતાવરણમાં બદલા આવશે. વાતાવરણમાં પલટાને કારણે રાજ્યના કેટલાંક શહેરો ઠંડાગાર થઈ જશે.

ગુજરાતમાં ધીરે ધીરે ઠંડી જમાવટ કરી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ કેટલાક શહેરોમાં રાત્રિના સમયે તાપામાન ૧૮ ડિગ્રી થઈ જશે. જેના કારણે તો સાંજ પડતા જ મોટા ભાગના શહેરોમાં ઠંડક વર્તાવા લાગશે. વાતાવરણ બદલાતા આજથી રીતસર ઠંડીનો ચમકારો અનુભાવાશે. આજે અમદાવાદ, ગાંધીનગર, દ્વારકા, પોરબંદર, ગીર-સોમનાથ, મોરબી અને ભરૂચ જિલ્લામાં રાત્રિના તાપમાનનો પારો ૧૮થી ૨૦ ડિગ્રીની આસપાસ રહેશે. તાપમાન ઘટતા આ જિલ્લાઓમાં અચાનક ઠંડી વધી ગઈ હોવાનો અહેસાસ થશે. તેથી સાંજે બહાર નીકળતા હોવ તો ગરમ કપડાં કે સાલ સાથે રાખવાનું ના ભૂલતા.

અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી અનુભવાશે. અમરેલીમાં મહત્તમ તાપમાન ૨૧ ડિગ્રી તથા ન્યૂનત્તમ તાપમાન ૨૭ ડિગ્રી રહેશે. આણંદમાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ડિગ્રી ૨૧ અનુભવાશે. અરવલ્લીમાં પણ મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી અનુભવાશે. બનાસકાંઠામાં મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી અનુભવાશે. જ્યારે સાબરકાંઠામાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી રહેશે.

પાટણમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી તથા ન્યૂનતમ તાપમાન ૨૭ ડિગ્રી રહેશે. દાહોદમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી અનુભવાશે. તો ન્યૂનતમ તાપમાન ૨૩ ડિગ્રી રહેશે. બોટાદનું મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રી અનુભવાશે. જ્યારે ભાવનગરમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી અનુભવાશે. જ્યારે છોટા ઉદેપુરમાં મહત્તમ તાપામાન ૩૩ ડિગ્રી તથા ન્યૂનતમ તાપમાન ૨૦ ડિગ્રી થશે જેના લીધે મોડી રાત્રે તેમજ વહેલી સવારે ઠંડીનો અનુભવ થશે.

જ્યારે જામનગરમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી તથા ન્યૂનત્તમ તાપમાન ૨૧ ડિગ્રી રહેશે. જ્યારે કચ્છમાં મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા ન્યૂનત્તમ તાપમાન ૨૦ ડિગ્રી રહેશે. તો જૂનાગઢમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી અનુભવાશે અને ઠંડકનો અનુભવ થશે. મહિસાગર જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી રહેશે. જ્યારે નર્મદા જિલ્લાનું મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી રહેશે. મહેસાણામાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૪ ડિગ્રી રહેશે. તો રાજકોટ જિલ્લામાં મહત્તમ તાપમાન ૨૭ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી રહેશે. જ્યારે મોરબીમાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી તથા ન્યૂનતમ તાપમાન ૨૨ ડ઼િગ્રી રહેશે.

# અમદાવાદમાંથી ૧૪ ગ્રામ ડ્રગ્સ સાથે મહિલા ઝડપાઈ,

અમદાવાદ,તા.૨૯

અમદાવાદમાં દારૂ માટે બદનામ એવા છારાનગર વિસ્તારમાં દારૂની ફેકટરીઓ તો ધમધમે છે પણ હવે આ વિસ્તારમાં દારૂની સાથે ડ્રગ્સનું વેચાણ પણ શરૂ થયું. અહીં ડ્રગ્સ મળતું હોવાની બાતમી મળતા જ ર્જીંર્ ક્રાઈમ બ્રાન્ચે સ્ડ્ઢ ડ્રગઝના જથ્થા સાથે એક મહિલાની ધરપકડ કરી લીધી. આરોપી મહિલા પાસેથી ૧૪ ગ્રામ જેટલો એમડી ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો.

છારાનગરમાં રહેતી અફસાના બાનુ શેખને હાલ ર્જીંર્ ક્રાઈમે એમડી ડ્રગ્સ સાથે ઝડપી પાડી છે. આરોપી મહિલાબ ઘરમાંથી પોલીસે ૧.૪૧ લાખનું ૧૪ ગ્રામ એમડી ડ્રગ્સ કબ્જે લીધુ. આરોપી મહિલા બેએક વર્ષથી ઘરે બેસીને જ ડ્રગ્સની પડીકીઓ વેચતી હતી.

આ મહિલા પાસે રોજના આઠથી દસ ગ્રાહકો આવતા અને ડ્રગ્સની પડીકીઓ લેતા, જેમાં આ મહિલા ૫ થી ૧૦ હજાર રૂપિયા કમાતી. આરોપી મહિલાએ પોલીસ સમક્ષ એવી કેફિયત વર્ણવી છે કે પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા માટે થઈને આ ડ્રગ્સનો ધંધો ચલાવે છે.

# બનાસકાંઠા જિલ્લા ના રાજકારણ માં એક જ જ્ઞાતિ ના રાજકારણ ને ખતમ કરીશું: માવજી દેસાઈ

ગુજરાત માં હાલ માં ચુંટણી નજીક ના સમય માં યોજાવાની છે ત્યારે રાજકીય પક્ષો માં ચુંટણી પ્રચાર ની કામગીરી પુર જોશ માં ચાલી રહી છે.ત્યારે ધાનેરા માં અપક્ષ ઉમેદવાર તરીકે ઊભા રહેલા માવજીભાઈ દેસાઈ દ્વારા આજ રોજ બનાસકાંઠા જિલ્લા ના વિવિધ વિસ્તારોમાં બાઈક રેલી અને સભા નું આયોજન કરવામાં આવ્યું હતું.

ભાજપ સાથે છેડો ફાટ્યા બાદ અપક્ષ તરીકે ઉમેદવાર તરીકે ચુંટણી માં ઉભા રહેલ માવજી ભાઈ દ્વારા બાઈક રેલી બાદ લોકો માટે જાહેર સભા યોજી એક જ જ્ઞાતિ ના આધિપત્ય ને સમાપ્ત કરવા અંગે વાત કરી હતી. ધાનેરા વિધાનસભા ના સર્વ સમાજ વતી અપક્ષ ઉમેદવારી નોંધાવનાર માવજી દેસાઈ એ આજ રોજ દાંતીવાડા, રાવળ વાસ, વડવાસા,દરબારગઢ, માળીવાસ,મારવાડા, હિરપુરા સહિત ના ગામો માં વિશાળ રેલી યોજી હતી.

વહેલી સવાર થીજ ધાનેરા વિધાનસભા ના અપક્ષ ઉમેદવાર માવજી દેસાઈ ને આવકારવા મોટી




## ભાજપ ના આગેવાનો એ માવજીભાઈ દેસાઈ ને જીતાડવા કરી અપીલ......

સંખ્યા માં માનવ મહેરામણ ઉભરાયું હતું અને ઠેર - ઠેર ઢોલ - વાજિંત્રો સાથે ગામ લોકોએ વધાવી તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. રેલી બાદ સભા ને સંબોધતા માવજી ભાઈએ કહ્યું કે બનાસકાંઠા જિલ્લામાં બી.કે ગઢવી ના અવસાન બાદ સર્વ સમાજ - ઈતર કોમ નું સાંભળે અને કામ કરે તેવો કોઈ નેતા કે પ્રતિનિધિ રહ્યો નથી જેથી માત્ર એક જ જ્ઞાતિ ના લોકો રાજ કરે છે જેમના આધિપત્ય ને ખતમ કરવા અમે જનતા ના કહેવા થી અપક્ષ ઉમેદવારી નોંધાવી છે જેમાં મારો વિજય એ સર્વ સમાજ નો વિજય બની રહેશે . આ ઉપરાંત વિશેષ માં તેમને જણાવ્યું હતું કે જીત્યા બાદ તેઓ તેમનો પગાર અને બંગલો વિદ્યાર્થીઓ ના શિક્ષણ - અભ્યાસ અર્થે ઉપયોગ માં વાપરશે તેવી જાહેરાત પણ કરી હતી.

માવજી ભાઈ દેસાઈ ને વિજયી બનાવવા માટે દાંતીવાડા તાલુકા ના ભાજપ આગેવાનો સર્વ શ્રી આહજીભાઈ પરમાર (ઠાકોર),પૂર્વ તા. પં. પ્રમુખ જયંતીભાઈ મોદી, ડૉ. દશરથભાઈ પટેલ, અર્જુનભાઈ દેસાઈ,મણીલાલ પઢિયાર, ઈકબાલ ખાન પઠાણ,રણજીતસિંહ વાઘેલા ( પૂર્વ સરપંચ),વિઠ્ઠલભાઈ પટેલ,વકતાજી રબારી,પૂર્વ ડેલીગેટ (કોંગ્રેસ) વગેરે એ જાહેરમાં અપીલ કરી હતી.

# દલિત–આદિવાસી–બક્ષીપંચ-લઘુમતી ગરીબ-સામાન્ય-મધ્યમ વર્ગના કરોડો બાળકો અને ગુજરાતના ૫૦ લાખ બાળકો માટેની પ્રિમેટ્રીક છાત્રવૃત્તિ બંધ કરી શિક્ષણથી વંચિત કરતી ભાજપ સરકાર

દેશમાં ધોરણ-૧ થી ૮ આઠ કરોડ જેટલા અનુસુચિત જાતિ., સાડા ચાર કરોડ અનુસૂચિત જનજાતિ. સહિત ઓ.બી.સી., માઈનોરીટીના કરોડો ગરીબ-સામાન્ય-મધ્યમવર્ગના બાળકો અને ગુજરાતના ૫૦ લાખ બાળકો માટેની પ્રિમેટ્રીક છાત્રવૃત્તિ બંધ કરી શિક્ષણથી વંચિત રાખવાના ભાજપના અવિચારી નિર્ણય ઉપર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ શાસનમાં વર્ષોથી શરુ કરેલ ધોરણ-૧ થી ૮ સુધી આઠ કરોડ જેટલા એસ.સી., સાડા ચાર કરોડ એસ.ટી. સહિત કરોડોની સંખ્યામાં ઓ.બી.સી, લઘુમતિ સમાજના બાળકોને શિક્ષણનો અધિકાર મળે તે માટે છાત્રવૃત્તિ આપવામાં આવે છે. ભાજપ સરકારે વર્ષ ૨૦૨૨-૨૩ માં શિક્ષણની મૂળભુત અધિકાર પર ઘાત કરતો છાત્રવૃત્તિ બંધ કરવાનો અવિચારી નિર્ણયથી ગરીબ – સામાન્ય, મધ્યમવર્ગના સમાજ માટે ઘાતક સાબિત થશે. દલિત-આદિવાસી-બક્ષીપંચ અને લઘુમતી બાળકોને મળવાપાત્ર શિષ્યવૃતિ બંધ કરવાનો ભાજપ સરકારનો નિર્ણય બતાવે છે કે ભાજપા દલિત-આદિવાસી-બક્ષીપંચ-લઘુમતી વિરોધી માનસિકતા ધરાવે છે. દલિત-આદિવાસી-બક્ષીપંચ લઘુમતીના બાળકો શિક્ષણથી વંચિત રહે તેવો એક વધુ નિર્ણય છે અને આ સમાજના લોકોને શિક્ષા ન મળે તેનું એક ષડયંત્ર છે.

દેશમાં એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., સબ પ્લાન બંધ કરવાની વાત હોય, એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. અને લઘુમતિ સમાજને ફાળવવામાં આવેલા બજેટમાં ઘટાડો કરવાની વાત હોય અથવા તેમના શૈક્ષણિક - આર્થિક - સામાજીક ઉત્થાન માટેની યોજનાઓ બંધ કરવાની નિર્ણયો ભાજપ સરકાર લેતી આવી છે. ધોરણ-૧ થી ૮ ના લાખો ગરીબ - વંચિત - શોષિત માટેની પ્રિમેટ્રીક સ્કોલરશીપ બંધ કરી ભાજપે પોતાની એસ.સી., એસ.ટી, ઓ.બી.સી., વિરોધી માનસિકતા છતી કરી છે. દેશમાં શિક્ષણ વિરોધી, એસ.સી., એસ.ટી, ઓ.બી.સી. વિરોધી

### કોંગ્રેસ શિક્ષણનો અધિકાર આપે છે અને ભાજપ શિક્ષણનો અધિકાર છીનવી રહી છે.

આ ફરમાન - નિર્ણયને તાત્કાલીક અસરથી પાછો લેવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

(ડૉ. મનિષ દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા

# ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ભાજપાના ઉમેદવાર શ્રીમતી રીટાબેન પટેલે પેથાપુર ખાતે જનસંપર્ક કર્યો



### શ્રીમતી રીટાબેન પટેલને લોકસંપર્ક દરમિયાન મહિલાઓ, યુવાનો, વડીલો સહિતના નાગરિકોનો બહોળો જનપ્રતિસાદ મળી રહ્યો છે, ઠેર ઠેર તેમનું સ્થાનિકો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવી રહ્યું છે.

ગ્રૂપ મિટિંગોમાં પણ શ્રીમતી રીટાબેન પટેલના સમર્થનમાં મોટી સંખ્યામાં જનતાની ઉપસ્થિતિ જણાઈ રહી છે.

ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ભાજપાના ઉમેદવાર શ્રીમતી રીટાબેન પટેલે તા. ૨૯ નવેમ્બર, મંગળવારે પેથાપુર ખાતે જનસંપર્ક કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, વિધાનસભા ચૂંટણી ટાણે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રીમતી રીટાબેન પટેલને વિધાનસભા ક્ષેત્રના વિવિધ વિસ્તારોમાં લોકસંપર્ક દરમિયાન મહિલાઓ, યુવાનો, વડીલો સહિતના નાગરિકોનો બહોળો જનપ્રતિસાદ મળી રહ્યો છે, ઠેર ઠેર તેમનું સ્થાનિકો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવી રહ્યું છે. ગ્રૂપ મિટિંગોમાં પણ શ્રીમતી રીટાબેન પટેલના સમર્થનમાં મોટી સંખ્યામાં જનતાની ઉપસ્થિતિ જણાઈ રહી છે.

# વૈશ્વિક સ્તરે જીવદયા, ગૌસેવા, માનવતાનું કાર્ય કરતાં સમસ્ત મહાજનનાં ગિરીશભાઈ શાહની પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ સાથે મુલાકાત

## પ્રધાનમંત્રીશ્રીએ પ્રવૃતિઓ પેટે ખબર અંતર પૂછ્યા, પ્રસન્નતા વ્યક્ત કરી



સમસ્ત મહાજન વૈશ્વિક સ્તરે જળ, જંગલ, જમીન, પ્રાણીઓની સુખાકારી માટે પ્રયત્નશીલ રહે છે. ૧૯૯૬નાં દાયકાનાં અંતમાં ચમત્કાર જેવી ઘટનાએ ગિરીશભાઈનાં જીવનનો માર્ગ બદલી નાખ્યો. ગિરીશભાઈને ત્રણ જૈન સાધુઓએ જુદા જુદા પ્રસંગે ગૌરક્ષા અને પશુ કલ્યાણ ક્ષેત્રે પોતાનું યોગદાન આપવાની સલાહ આપી. સમસ્ત મહાજને ઓગસ્ટ, ૨૦૦૨માં કામ કરવાનું શરૂ કર્યું હતું. સમસ્ત મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહે એક સૂત્ર સાથે આગળ વધવાનું શરૂ કર્યું, ×સેવા અને રક્ષણ કરો×. ૨૧ વર્ષથી વધુ સમયથી સમસ્ત મહાજન પશુ કલ્યાણ, પર્યાવરણ સંરક્ષણ, ગ્રામીણ વિકાસ, માનવ કલ્યાણ, સ્વચ્છતા અભિયાન, કુદરતી આપત્તિઓ દરમિયાન રાહત વગેરે જેવા વિવિધ સામાજિક કારણો તરફ અથાગ મહેનત કરી રહ્યું છે. ગિરીશભાઈ શાહ હીરા બજાર સાથે સંકળાયેલ આંતરરાષ્ટ્રીય વ્યાપારી છે. જેમની ભારત, અમેરિકા, યુરોપ સહિતના વિવિધ દેશોમાં પોતાની ઓફીસ છે. વર્તમાન સમયમાં તે જીવનનો મહતમ સમય જીવદયા, ગૌસેવા, માનવસેવા, શાકાહાર પ્રચાર પ્રસાર સહિતની પ્રવૃતિઓમાં વ્યસ્ત રહે છે. આવા માનવતાવાદી હેતુ માટે ગિરીશભાઈના નોંધપાત્ર યોગદાનને સમાજ દ્વારા ખૂબ જ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. તેમને અને સમસ્ત મહાજનને જીવદયા રત્ન, પર્યાવરણ સંરક્ષણનાં ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે ઈન્દિરા પ્રિયદર્શીની વૃક્ષમિત્ર એવાર્ડ, આચાર્ય ચાણક્ય – ૨૦૨૦ સહિત અનેક પુરસ્કારો એનાયત કરવામાં આવ્યાં છે. કચ્છ, મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિતનાં અનેક વિસ્તારોમાં ૩૦૦થી વધુ ગામોમાં તળાવ ઊંડા કરવા, ગૌચર નિર્માણ સહિતનાં કાર્યો માટે સમસ્ત મહાજન સેવારત છે. સમસ્ત મહાજન મુખ્યત્વે શિક્ષણ, આરોગ્ય, રેસ્ક્યુ વર્ક, ગૌશાળા અને પાંજરાપોળોને સહાય તેમજ સ્વનિર્ભર બનાવવા, સ્વનિર્ભર ખેતી, જળ સંચય, જીવદયા રથ, ભોજન રથ, સામાજિક ઉત્થાન, ખાસ કરીને કુદરતી કે માનવસર્જિત આફતો દરમિયાન તાત્કાલિક સહાય, પશુઓની કતલ તેમજ બલી અટકાવવી, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે જીવદયા, ગૌસેવા, માનવસેવા સહિતનાં અનેકવિધ સત્કાર્યોનો સમાવેશ થાય છે. વર્તમાન સમયમાં મુંબઈ ખાતે રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબનાં આશિર્વાદથી 'અર્હમ અનુકંપા' પ્રોજેક્ટ હેઠળ સુપર સ્પેશીયાલીટી એનીમલ એમ્બ્યુલન્સની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત સેંકડો જીવોને સ્થળ પર જ સારવાર તેમજ અભયદાન પ્રાપ્ત થયું છે અને તેમની જિંદગીઓ પણ બચી છે. સમગ્ર ભારતમાં આ પ્રકારની એમ્બ્યુલન્સ સરકાર તેમજ સમાજ અને સંસ્થાઓનાં માધ્યમથી થાય તે માટે ગિરીશભાઈ શાહ સતત કાર્યશીલ છે. તે છેલ્લા કેટલાક વર્ષોથી ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડનાં સભ્ય તરીકે પણ પોતાની સેવા આપી રહ્યા છે. આજે સમસ્ત મહાજનની સેવાભાવી પ્રવૃતિઓ આ વિશ્વને સુંદર બનાવવામાં તેનું યોગદાન આપી રહી છે.

સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહની પાલીતાણા શહેરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાહેબ સાથે મુલાકાત થઈ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાહેબે ગિરીશભાઈ શાહને એમના સેવા કાર્યો વિષે પૂછ્યું. ગિરીશભાઈએ ઈશ્વરની કૃપાથી અને સૌની શુભેચ્છાથી સેવાકાર્ય ખુબ જ સારું થાય છે તે જણાવ્યું હતું. વર્તમાન સમયમાં ઘણા કાર્યોની વ્યસ્તતા હોવા છતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાહેબને સમસ્ત મહાજન અને ગિરીશભાઈનાં સેવા કર્યો વિષે યાદ હતું એ સમગ્ર સંસ્થા માટે આનંદની વાત બની છે.

# ગઢડા મહાજન પાંજરાપોળ તથા ગૌશાળા ટ્રસ્ટને અનુદાન આપવા અપીલ



## ૧૩૫ વર્ષથી જીવદયાની અવિરત પ્રવૃતિ કરી રહેલા હાલ સંસ્થામાં આશરે ૩૦૦૦ નિરાધાર પશુઓ શાતાકારી રીતે આશ્રય લઈ રહયાં છે.

આપના પરીવારમાં તથા સ્નેહીમિત્રોમાં ઉજવાતા જન્મદિવસ, વેવિશાળ લગ્નોત્સવને એકાદ પશુનો જીવનોત્સવ બનાવો, કર્મ સંયોગે આવેલી માંદગીની અશાતા ટાળવા કોઈ એક પશુને અભયદાન આપી તેમને મહાશાતા આપો, સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદ પશુને અભયદાન આપી, અનંત આશીર્વાદના સદભાગી બનો. દિવાળી, પર્યુષણ તથા ઉતરાયણ જેવા પવિત્ર પર્વના ધર્મોત્સવમાં અનેક જીવોને પણ પોષણ બક્ષી પર્વોપાસનાને દયાના રંગથી મઢી દો.

"નથી વાચા આપી પ્રભુએ અમારી આંખડીને રડતી તો જુઓ,મૌન બની જખ્મો વેઠયા છે. અમારા આંસુન દર્પણ બનાવીને તો જુઓ,નથી માગ્યો અમારા ઋણનો બદલો કયારેય....તમારી પાસેથી બને તો અભયદાન આપી, તમારી ફરજ પૂરી તો કરી જુઓ. આપણે સૌ જીવદયા પ્રેમી ×જીવો અને જીવવા દો' થી પણ એક ડગલું આગળ વધીને 'મુશ્કેલી વેઠીને પણ જીવાડો' ના ચાહક બનીએ,

૧૩૫ વર્ષથી જીવદયાની અવિરત પ્રવૃતિ કરી રહેલા હાલ સંસ્થામાં આશરે ૩૦૦૦ નિરાધાર પશુઓ શાતાકારી રીતે આશ્રય લઈ રહેલ છે એક જ દિવસનો આશરે રૂા. ૧,૫૧,૦૦૦/- થી પણ વધારે ખર્ચ થાય છે. એક દિવસનાં ઘાસચારાની કાયમી તીથી યોજના રૂ. ૨૫,૧૧૧ થાય છે.

આ અંગેની ગઢડા પાંજરાપોળની યોજનાઓ (૧) રૂા.૩૫,૦૦,૧૦૧–વૃધ્ધ પશુઓ માટે મોટો શેડ 'તેમા યોગ્ય તકતી અંક્તિ કરવામાં આવશે.×. (૨) રૂ?.૧૫,૦૦,૦૦૦– પશુ ઘર (ગઢડા ગ્રાઉન્ડમાં) (૪૮×૮૩૦× ગ્રેનાઈટમાં) નામ અંકિત થશે. (૩) રૂ. ૧૧,૫૧,૦૦૧-પ્રાર્થના કુટીર ઉપર (૪૮'૨૪× ગ્રેનાઈટમાં) નામ અંકિત થશે. (૪) રૂા. ૫,૫૫,૫૫૫ ચીડીયાઘર ઉપર (૪૮★૧૮× ગ્રેનાઈટમાં) નામ અંકિત થશે. (૫) રૂા.૩,૫૫,૦૦૦– મેઈન ગેટની પાછળની બન્ને બાજુ (૪૮×૧૮× ગ્રેનાઈટમાં) નામ અંકિત થશે. (૬) રૂા.૨,૬૧,૦૦૦– ગૌ પ્રેમી, ગોલ્ડન દાતાની (૩૬"૧૮× ગ્રેનાઈટમાં) નામ અંકિત થશે. (૭) રૂા૧,૨૫,૦૦૧- અબોલ જીવોના ઉધ્ધારક બની (૩૬×૦૬× ગ્રેનાઈટમાં) નામ અંકિત થશે. (૮)રૂા.૫૫,૫૨૧–અબોલ જીવોના સંરક્ષક બની (૩૬×૦૬× ગ્રેનાઈટમાં) નામ અંકિત થશે. (૯) રૂા.૨૫,૧૧૧-એક દિવસનાં ઘાસ ચારાની કાયમી તીથી યોજના/એક ગાડી ઘાસ ચારો (૧૦) રૂા.૧૧,૦૦૦ એક જીવને કતલખાને જતા અટકાવીને જીવે ત્યાં સુધી નિભાવવાની કાયમી તીથી. પ્રતિ વર્ષ ઘાસચારા નિભાવખર્ચ—યોજના પ્રતિ વર્ષ એક દિવસનાં રૂા. ૧,૫૧,૦૦૧ થાસચારાનાં ખર્ચના ૩૬૫ દાતાશ્રીઓની આ કપરા સંજોગમાં જરૂર હોવાથી, દાતાશ્રીઓને એક દિવસનો ખર્ચ આપવા ગઢડા પાંજરાપોળની નમ્ર વિનંતી છે. પ્રભુ જન્મ નરનારાયણ રૂપે વારંવાર લે છે, આપ અમારા માટે તેમાના એક પરમેશ્વર છો. અબોલજીવોનાં આશીર્વાદ માથે હાથ મુકીને નથી મળતા, પરંતુ અંતરની દુઆ મૌન થઈને વિસ્તરે છે. અનુદાન આપવા માટે અમદાવાદ ઓફીસ: બળવંતભાઈ આર. શાહ (ગઢડાવાળા) (મો.૦૯૮૨૫૦ ૨૩૪૪૦), વિનુભાઈ સંઘરાજકા (૯૨૬૫૨ ૯૭૮૨૬), મુંબઈ ઓફીસ : મહેન્દ્રભાઈ આર. ડેલીવાળા મો.(૦૯૮૨૦૭૮૪૫૦૧), હરેશભાઈ (ઘાટકોપર) (મો.૯૩૨૩૯ ૬૦૩૯૩), બોમ્બે બ્રાંદ્રા/સુરત સંપર્ક : છગનભાઈ ડુંગરાણી (મો.૯૬૦૧૨ ૯૧૧૦૨), અશ્વિનભાઈ (આત્માનંદ જેમ્સ) (મો.૯૩૨૨૩ ૭૦૦૭૭), સુરત સંપર્ક ધનજીભાઈ ડુંગરાણી (મો.૯૬૦૧૨૯૧૧૦૩), બાબુભાઈ ગાબાણી (મો.૯૪૨૬૮, ૦૦૯૯૬), રાજકોટ સંપર્ક : મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯), રજનીભાઈ આર. દોશી મો. ૯૪૨૬૯૩૦૭૭૬, મનોજ ડેલીવાળા (મો. ૯૮૨૪૧ ૧૪૪૩૭) પર સંપર્ક કરવા ગઢડા મહાજન પાંજરાપોળની યાદીમાં જણાવાયું છે.

લી.
બળવંતભાઈ આર. શાહ
શ્રી ગઢડા મહાજન પાંજરાપોળ તથા ગૌશાળા ટ્રસ્ટ

## ગુજરાત વિધાનસભાની ચૂંટણી ના પ્રથમ તબક્કાનું પ્રચાર પ્રસાર કાર્ય આજરોજ સાંજથી બંધ થશે.

ગઈકાલે ભાજપના ઝંઝાવવાથી પ્રચારમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગૃહ અને સહકાર કેન્દ્રીય મંત્રી અમિત શાહ ભાજપ યુવા રાષ્ટ્રીય અધ્યક્ષ તેજસ્વી સુર્યાજી તેમજ ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત જી તેમજ યોગી આદિત્યનાથજી અને કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાજી જુદી જુદી જગ્યાએ પોતાની સભાઓ યોજી હતી તેમજ ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત જીએ મીડિયા કાર્યાલય પ્રેસ પણ કરી હતી અને ગઈકાલે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે આવ્યા હતા અને પ્રેસ કરી હતી ત્યારબાદ તેમણે મોદીને રાવણ સાથે સરખાવ્યા હતા અને તે મુદ્દે પૂર્વ કેન્દ્રીય કાનૂન મંત્રી રવિશંકર પ્રસાદે ડિબેટમાં તેમના શબ્દોને વખોડી કાઢ્યા હતા અને ખડગેજી ઉપર ફિટકાર વરસાવી મોદીજીની ભરપૂર તરફેણ કરી હતી આમ રાવણ મુદ્દે મોટી રામાયણ સર્જાઈ હતી અને પરસ્પર પક્ષોના નેતાઓ એકબીજા ઉપર આક્ષેપકબાજી કરી હતી. અમરેલીમાં ભાજપના મધ્યસ્થ કાર્યાલય એકાએક કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી પ્રચાર પૂર્ણ કરીને પ્રવેશ્યા હતા અને ભાજપના પુરુષોત્તમ રૂપાલાજી તેમજ દિલીપ સાંઘાણી સાથે બેસી ને ચાય પીધી હતી અને એક નવું તંદુરસ્ત રાજકીય રૂપ પ્રજાને બતાવ્યું હતું ..

ભાજપ ઉમેદવાર લાલુ પારગી ઉપર ફરિયાદ થઈ હતી..ગઈકાલે ચૂંટણી પંચ માં ઈન્દ્રનીલ રાજ્યગુરુ ઉપર પણ ફરિયાદ થઈ હતી...હવે માત્ર ડોર ટુ ડોર પ્રચાર થઈ શકશે જેથી તમામ પક્ષો ના કાર્યકરો ઘરે ઘરે જઈ પ્રચાર કરશે...ચૂંટણી પંચે જાહેર કર્યા મુજબ પ્રથમ તબક્કાની મતદાન ની પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે..૮૯ બેઠકો ઉપર કુલ ૨.૫૯ કરોડ મતદારો ગુરુવારે સવારે ૮ થી ૫ માં મતદાન કરશે...


પ્રદીપ રાવલ.ગાંધીનગર

## અમરેલીમાં ભાજપના કાર્યાલયમાં કોંગ્રેસના પરેશ ધાનાણી પહોંચ્યા, રૂપાલાને પગે લાગી ચાની ચૂસ્કી મારી

અમરેલી,તા.૨૯

રાજયમાં વિધાનસભાની ચૂંટણીની ઘડીઓ ગણાઈ રહી છે. તમામ રાજકીય પક્ષો પોતાની સરકાર બનાવવા ભાગદોડ કરી રહ્યાં છે. ત્યારે આજે વહેલી સવારે અમરેલીમાં રાજકીય ભૂકંપ સર્જાયો છે. કોંગ્રેસના ચાલુ ધારાસભ્ય અને ઉમેદવાર પરેશ ધાનાણી અચાનક ભાજપના કાર્યાલય પર પહોંચી ગયા હતા. અચાનક ભાજપના કાર્યાલયમાં ધાનાણીની એન્ટ્રી થતાં ભાજપ કાર્યાલયમાં સન્નાટો છવાઈ ગયો હતો.

## કાંદિવલીમાં ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ યોજાઈ



કાંદિવલી વેસ્ટમાં શાંતિલાલ મોદી રોડ સ્થિત કાંદિવલી રિક્રિયેશન ક્લબ (કે આર સી) ખાતે તાજેતરમાં ૪૦ વર્ષથી મોટા (જન્મ તા. ૩૧-૧૨-૧૯૮૨ પહેલા) લોકો માટે ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ યોજાઈ હતી. લીગ પ્લસ નોક આઉટ પદ્ધતિથી રમાયેલી આ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ૪૦ પ્લસ કેટેગરીમાં અમિત મોદી વિજેતા અને વિશાલ યાદવ રનર અપ રહ્યા હતા, જ્યારે ૫૦ પ્લસની કેટેગરીમાં ભૂષણ નેગી વિજેતા અને પર્સી મહેતા રનર અપ રહ્યા હતા.

## અમરેલી : ચુંટણી પ્રચાર ના અતિંમ દિવસે અમરેલી મા જોવા મળ્યા અદભૂત રાજકીય દ્રશ્યો..



કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી અચાનક જ પહોંચ્યા ભાજપ કાર્યાલય... દીલીપ સંઘાણી, પુરશોતમ રૂપાલા અને ગોરધન ઝડફિયા સાથે લીધી ચા ની ચુસ્કી... પરેશ ધાનાણી અને તેના લઘુબંધુ શરદ ધાનાણી ભાજપ ચુંટણી કાર્યાલય ખાતે પહોંચતા ઘડીભર માટે સન્નાટો...

પરેશ ધાનાણીએ ભાજપના દિગ્ગજ નેતાઓ પાસે થી લીધા આશિર્વાદ... પરેશ ધાનાણી એ કહ્યું કે ભાજપના કાર્યાલયમા રહેતા અને દીલ થી કોંગ્રેસ સાથે જોડાયેલા કાર્યકરો પણ મને આશિર્વાદ આપશે....અમરેલી જિલ્લાના તંદુરસ્ત રાજકારણ ની આ અદ્ભુત તસવીરો... ચુંટણી પ્રચારના છેલ્લા દિવસે રાજકીય દાવ પેચ ભૂલી ચાની ચુસ્કી સાથે હળવાશની પળો માણતા ભાજપ કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ જોવા મળ્યા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK